સુવિચાર

જે પોતાના જ્ઞાનાનુસાર વર્તન કરે તે જ વિદ્વાન...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



કાલાવડ રોડ પર ગમખ્વાર અકસ્માતઃ વિદ્યાર્થીનું કરૂણ મોત P-4

Year-16, Issue-177 ■ DATE : 10-11-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં સાયબર ફ્રોડના કેસમાં અધધ... ૨૦૦ ટકાનો વધારો

**સાયબર ગુન્હેગારો બન્યા બેફામઃ જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં સાયબર છેતરપીંડીની ૧.૪૨ લાખ ફરીયાદોઃ સાયબર ફ્રોડમાં છેલ્લા ૯ મહિનામાં રાજયના લોકોએ ગુમાવ્યા રૂ.૧૦૧૧ કરોડ**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

જાણે સાયબર ગુનેગારોએ ગુજરાતને તેમના રમતનું મેદાન બનાવી દીધું હોય, તેમ રાજયભરમાં સાયબર છેતરપિંડીની ફરિયાદો તીવ્રતાથી ફેલાઈ રહી છે. ૨૦૨૫ના પહેલા નવ મહિનામાં જ ગુજરાતમાં સાયબર છેતરપિંડીની ફરિયાદોમાં વધારો જોવા મળ્યો છે, જે ૨૦૨૦ પછી નોંધાયેલા આવા તમામ કેસોના લગભગ 30% છે. સીઆઈડી (ક્રાઈમ) દ્વારા શેર કરાયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો પોર્ટલના તાજેતરના ડેટા અનુસાર, જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન જ ૧,૦૧૧ કરોડ રૂપિયાની છેતરપિંડીની ૧.૪૨ લાખ ફરિયાદો નોંધાઈ છે.

છેલ્લા પાંચ વર્ષમાં નોંધાયેલા કુલ ૪.૮૧ લાખ ફરિયાદો અને ૩,૩૮૭.૦૨ કરોડ રૂપિયાના છેતરપિંડીમાં આ તીવ્ર વધારો દર્શાવે છે. આ એક અદભુત ડિજિટલ ચોરી છે. ગુજરાત સીઆઈડી (ક્રાઈમ) ના સાયબરસેલ અધિકારીઓએ આ વધારા પાછળના બે મુખ્ય કારણો દર્શાવ્યા છે. સાયબર છેતરપિંડી પ્રત્યે વધતી જતી જાહેર જાગૃતિ અને સાયબર ગુનેગારોના અવિરત પ્રયાસો જે શંકાસ્પદ પીડિતોને છેતરવા અને તેમના ખાતા ખાલી કરવા માટે ચાલાક સોશિયલ એન્જિનિયરિંગ યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યા છે. તેમ ટાઇમ્સ ઓફ ઈન્ડિયાનો અહેવાલ જણાવે છે.

ખરેખર ચિંતાજનક બાબત એ છે કે આ સાયબર છેતરપિંડીના કેસોનો ઢગલો થઈ રહ્યો છે. ૨૦૨૦ થી, ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧૫૫.૫ સાયબર છેતરપિંડીની ફરિયાદો, અથવા દર કલાકે લગભગ ૬.૫ ફરિયાદો નોંધાઈ છે. પરંતુ ૨૦૨૫ માં, આ સંખ્યા દરરોજ ૫૨૧ ફરિયાદો, અથવા દર કલાકે આશરે ૨૧ ફરિયાદો સુધી પહોંચી ગઈ છે - જે વોલ્યુમમાં આઘાતજનક ૨૦૦% વધારો દર્શાવે છે.

ખાસ કરીને પેન્શનરો ડિજિટલ ડાકુઓ માટે મુખ્ય લક્ષ્ય બન્યા છે. રાજયભરના પેન્શનરો તરફથી અધિકારીઓને ફરિયાદોનો ભરાવો થયો છે જેઓ ભોગ બન્યા છે. પેન્શનરોને પેન્શન ખાતાની વિગતો મેળવવા'નું વચન આપતી એક દેખીતી રીતે નિર્દોષ લિંક મળે છે, પરંતુ તેના પર ક્લિક કરવાથી ઘણીવાર એક ફાઈલ બહાર આવે છે જે તેમના સમગ્ર પેન્શન ખાતાને સાફ કરી દે છે.

રસપ્રદ વાત એ છે કે, કેસોમાં વધારો થવા છતાં, પ્રતિ કેસ છેતરપિંડીની સરેરાશ રકમ પ્રમાણમાં સ્થિર રહી છે, જેમાં ફક્ત ૧.૩%નો વધારો થયો છે. જયારે ૨૦૨૦ થી સરેરાશ નુકસાન પ્રતિ કેસ રૂ. ૭૦,૩૧૩ હતું, ત્યારે ૨૦૨૫ માં તે રૂ. ૭૧,૨૦૪ છે.

નિષ્ણાતો કહે છે કે ખૂબ જ ખૂંખાર સાયબર ગુનેગારો તેમના પીડિતોનું શોષણ કરવા માટે નવા રસ્તાઓ શોધી રહ્યા છે. જયારે મોટા કેસ હેડલાઈન્સમાં બને છે, ત્યારે અસંખ્ય નાના કેસ તિરાડોમાંથી છટકી જાય છે, અને અહેવાલ વિના રહે છે.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે સાઈબર માફીયાઓ છેતરપીંડી માટે નવા-નવા રસ્તા શોધી લે છે ટ્રાફીક મેમો લગ્નનાં ઈન્વીટેશન, આરટીઓ ચલણ, પોસ્ટ ઓફીસની બનાવટી લીંક જેવા અનેક માર્ગ અપનાવે છે. મોટી કે નોંધપાત્ર રકમ ગુમાવનારા લોકો ફરીયાદ નોંધાવે છે કે બાકી સાઈબર શિકાર બનવા છતાં ફરિયાદ ન કરનારા લોકોની સંખ્યા પણ મોટી હોવાનું માનવામાં આવે છે.

## હરિયાણાના ફરીદાબાદમાં આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ

### એમોનિયમ નાઈટ્રેટ સહિત ૩૬૦ કિલો વિસ્ફોટક જપ્તઃ બેની ધરપકડ



**મુખ્ય સમાચાર, હરિયાણા**

હરિયાણાના ફરીદાબાદમાં એક મોટા આતંકવાદી ષડયંત્રનો સંયુક્ત કાર્યવાહીમાં પર્દાફાશ થયો છે. ફરીદાબાદ પોલીસ અને જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત ટીમે એક ડૉક્ટર અને એક મૌલવીની ધરપકડ કરી છે. આરોપી ડૉક્ટરના ઠેકાણા પરથી મોટી માત્રામાં બનાવવાની સામગ્રી, હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

ફરીદાબાદ પોલીસ કમિશનર સતેન્દ્ર કુમારે પત્રકાર પરિષદમાં આ અંગેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, 'આ હરિયાણા પોલીસ અને જમ્મુ અને કાશ્મીર પોલીસનું એક સફળ સંયુક્ત ઓપરેશન છે. ડૉ. મુઝમ્મિલ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે.' આ ઉપરાંત કમિશનરે સ્પષ્ટતા કરી કે સ્થળ પરથી ૩૬૦ કિલો જ્વલનશીલ સામગ્રી મળી આવી છે, જે સંભવતઃ એમોનિયમ નાઈટ્રેટ છે અને તે નથી.

પોલીસ કમિશનર સતેન્દ્ર કુમારે જણાવ્યું કે, 'મુઝમ્મિલ પાસેથી એક એસોલ્ટ રાઈફલ, ત્રણ મેગેઝિન અને ૮૩ જીવંત કારતુસ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, આતંકી પ્રવૃત્તિઓમાં વપરાતી સામગ્રી, જેમાં ૨૦ ટાઈમર અને બેટરી, એક પિસ્તોલ, બે ખાલી કારતુસ અને બે ફાજલ મેગેઝિનનો પણ સમાવેશ થાય છે. આરોપી ડૉક્ટર મુઝમ્મિલ ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો. છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહેલું આ ઓપરેશન હજુ પણ ચાલુ છે.'

ધરપકડ કરાયેલા બીજા આરોપી એક મૌલવી છે, જેમને પોલીસ મસ્જિદમાંથી લઈ ગઈ હતી. ધરપકડ કરાયેલા મૌલવીની પત્નીએ જણાવ્યું કે, 'પોલીસ ઈમામ સાહેબને લઈ ગયા છે. મને ખબર નથી કે તે તેમને કેમ લઈ ગયા. ઈમામ સાહેબ છેલ્લા ૨૦ વર્ષથી મસ્જિદમાં સેવા આપી રહ્યા છે.આરોપી ડૉક્ટર મુઝમ્મિલ કાશ્મીરના રહેવાસી હતા અને દિવસમાં પાંચ વખત નમાઝ પઢવા માટે મસ્જિદમાં આવતા હતા.'

પોલીસ હવે બંને આરોપીઓનું આતંકવાદી સંગઠનો સાથેનું જોડાણ અને તેમના કાવતરાના ઉદ્દેશો અંગે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## દેશમાં મોટો આતંકી હુમલો કરવાની તૈયારી કરી રહેલા ૩ ત્રાસવાદી માંથી એક ડોકટર

### એટીએસએ ગાંધીનગર અને બનાસકાંઠા જીલ્લામાંથી ત્રણેયને ઉઠાવી લીધા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત કે દેશના કોઈ ભાગમાં મોટો આતંકીવાદી હુમલો કરવાની તૈયારીમાં રહેલા ના ત્રણ આતંકીઓને ગુજરાત અઝજએ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકીના એક ડો. સૈયદ અહેમદનો ખતરનાક ઈરાદો હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ મૂળ હૈદ્રાબાદનો રહેવાસી છે અને ગુજરાત તે હથિયાર કલેક્ટ કરવા આવ્યો હતો. આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ નામના યુપીના આતંકીઓએ રાજસ્થાનના હનુમાગઢથી હથિયારો મેળવીને ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાં છોડી દીધા હતા. જે ડો. અહેમદ સૈયદે કલેક્ટ કર્યા હતા.

જો કે, તે હથિયારો લઈ પરત હૈદ્રાબાદ જાય તે પહેલા જ અઝજએ તેને દબોચી લીધો હતો. ત્રણેય આતંકીઓ પાસેથી ૩ વિદેશી બનાવટની પિસ્ટલ, ૩૦ જીવતા કારતૂસ અને ૪ લિટર કેસ્ટર ઓઈલ કબજે કરાયું છે.

ડો. અહેમદ મોહ્યુદ્દીન અમદાવાદ આવ્યાની બાતમી મળી હતી ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, હૈદ્રાબાદનો રહેવાસી ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ નામનો આતંકવાદી ગુજરાતમાં હુમલાને અંજામ આપવા માટે અમદાવાદ આવ્યો છે. જેના આધારે એટીએસની ટીમે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી હતી.

ટેકિન્કલ એનાલિસિસ કરતા અમદાવાદ-મહેસાણા રોડ પર આવેલા અડાલજ ટોલ પ્લાઝા પાસે એક સિલ્વર કલરની ફોર્ડ ફિગો કારની તલાશી લેતા તેમાંથી ડો. સૈયદ મળી આવ્યો હતો. તેના કબજામાંથી બે ગ્લોક પિસ્ટલ અને એક બેરેટા પિસ્ટલ તથા ૩૦ જીવતા કારતૂસ અને ૪ લીટર કેસ્ટર ઓઈલ મળી આવ્યું હતું.

કલોલના કબ્રસ્તાનમાં સુહેલ અને આઝાદે હથિયાર મૂક્યા, ડો. અહેમદે કલેક્ટ કર્યા એટીએસની તપાસમાં જાણવા મળ્યું કે, ડો. અહેમદ સૈયદ હૈદ્રાબાદથી ગુજરાત હથિયાર લેવા માટે આવ્યો હતો. તેને હથિયારો કલોલ નજીકના એક કબ્રસ્તાનમાંથી મેળવ્યા હોવાની માહિતી આપી હતી. કલોલ સુધી હથિયારો કઈ રીતે આવ્યા તેની તપાસ શરૂ કરવામાં આવી હતી.

ડો. અહેમદ સૈયદના ફોનમાંથી મળી આવેલા એક નંબરની તપાસ કરતા લોકેશન બનાસકાંઠાનું મળી આવ્યું હતું. એટીએસની એક ટીમ બનાસકાંઠા પહોચી હતી અને બે શકમંદોને લાવી હતી.

## ગુજરાત સહિત દેશના અનેક રાજયોમાં કડકડતી ઠંડી પડશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત સહિત દેશના અનેક રાજયોમાં કમોસમી વરસાદ બાદ હવે ઠંડીનાં પગરણ શરૂ થવા સાથે જ કડકડતી ઠંડીનું એલર્ટ જાહેર થયું છે. હવામાન વિભાગ દ્વારા મધ્યપ્રદેશ, છતીસગઢ તથા ઝારખંડ માટે કોલ્ડવેવનું એલર્ટ જાહેર કરાયું છે.

આ સિવાય દ.આફ્રિકા, હરીયાણા, ઉતર પશ્ચિમ ભારત અને ઉતરીય મધ્ય મહારાષ્ટ્રમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની આગાહી કરી છે. દ.ભારતમાં ભારે વરસાદ તથા ઉતરાખંડ-હિમાચલમાં ભારે હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે દેશના અનેક ભાગોમાં ગુલાબી ઠંડી છે. હાડ થિજાવતી ઠંડીનું સ્વરૂપ પકડવા લાગી છે. દેશના અનેક ભાગોમાં તાપમાનનો પારો એકાએક નીચે આવી ગયો હતો. આવતા ૨-૩ દિવસમાં તાપમાનમાં હજુ ૨ થી ૪ ડીગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

ઉતરાખંડ તથા હિમાચલ પ્રદેશનાં લાહૌલ સ્પિતિ મનાલી, ચમોલી, નૈનિતાલ, મસુરી તથા રૂદ્રપ્રયાગમાં હિમવર્ષા સાથે શીતલહેરની ચેતવણી આપવામાં આવી છે.પાટનગર દિલ્હીમાં પણ કડકડતી ઠંડી પડવા સાથે તાપમાન ૧૨ ડીગ્રીએ આવી જવાની શકયતા છે. સાથોસાથ ઘુમ્મસની ચેતવણી આપવામાં આવી છે.

ઉતરપ્રદેશ તથા બિહાર જેવા રાજયોમાં પણ ઠંડી વધી રહી છે. ઘુમ્મસની શકયતા વ્યકત કરવામાં આવી છે.

## ભારત અને સાઉદી અરબ વચ્ચે હજ ૨૦૨૬ માટે દ્વીપક્ષીય સમજૂતી કરાર થયા



**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

ભારત અને સાઉદી અરબ વચ્ચે હજ ૨૦૨૬ માટે દ્વીપક્ષીય સમજુતી પર હસ્તાક્ષર થયા છે. કેન્દ્રીય મંત્રી કિરણ રિજજુએ જણાવ્યું હતું કે ભારતીય હજ કોટા ૧,૭૫,૦૨૫ નકકી કરાયા છે.

સાથે સાથે કિરણ રિજજુએ જેહાદ અને તાઈફમાં હજ અને ઉમરા સાથે સંકળાયેલ સુવિધાઓનું નિરિક્ષણ કર્યું હતું. રિજજુએ સોશિયલ મીડીયા પર જણાવ્યું હતું કે ભારત સાઉદી અરબ સંબંધોમાં મહત્વનું પગલું હજ ૨૦૨૬ માટે દ્વીપક્ષીય સમજુતી પર હસ્તાક્ષર કરાયા.

રિજજુ ૭થી૯ નવેમ્બર સાઉદી અરબની મુલાકાતે હતા, જયાં તેમણે સાઉદી અરબના હજ અને ઉમદા મંત્રી ડો. તૌફિક બીન ફાવજાન અલ-રાબિયાહ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બન્ને નેતાઓએ હજ સાથે સંકળાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

## બોર્ડના વિદ્યાર્થીઓને કાર્ટુન ચિત્રના માધ્યમથી આવકવેરાનું જ્ઞાન અપાશે




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આવકવેરા ખાતાનો સહયોગ લઈને સમગ્ર દેશના સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન છોકરાઓને આવકવેરાને લગતું જ્ઞાન આપવાનું આયોજન કરવા માંડ્યું છે.

આ સંદર્ભમાં સીબીએસઈ અને આવકવેરા ખાતાના અધિકારીઓ વચ્ચે ચર્ચા વિચારણા થઈ ચૂકી છે. તેને માટે આઠ જુદી જુદી કોમિક બુકની સિરીઝ તૈયાર કરવામાં આવી રહી છે. તેમાં મોટું અને પતલું નામના બે કેરેક્ટરના સંવાદના માધ્યમથી અને કાર્ટૂન ચિત્રોના માધ્યમથી દસમાંથી બારમાં ધોરણના બાળકોને આવકવેરા અંગેનું જ્ઞાન આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ રમતાં રમતાં આવકવેરાના અત્યંત ગંભીર વિષયનું જ્ઞાન આપવાનું નક્કી કરવામાં આવી રહ્યું છે

બાળકોમાં મોટું-પતલુંના કેરેક્ટર બહુ જ લોકપ્રિય થયેલા હોવાથી આ બે કેરેક્ટરને પસંદ કરીને આવકવેરા અંગેની જાણકારી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે આ આયોજન કર્યું છે. ડિરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્સે મોટું પતલુંના કેરેક્ટરને લઈને આવકવેરાની જુદી જુદી જોગવાઈ અને તેના જમા પાસાઓની સમજણ આપતી આઠ પુસ્તકની શ્રેણી તૈયાર કરી દીધી છે. આઝાદી કા અમળત મહોત્સવના વર્ષને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત આયોજન કરવામાં આવ્યું છે. દેશમાં આવકવેરની સરકારને આવક વધતા દેશને કઈ રીતે ફાયદો થાય છે તેની સમજણ પણ આઠ પુસ્તકની શ્રેણીમાં આપવામાં આવેલી છે. આ કોમિક બુક એક કરતાં વધુ સ્થાનિક ભાષામાં તૈયાર કરવામાં આવેલી છે. દેશના જુદાં જુદા રાજ્યોની શાળાઓને કોમિક બુકનીલિન્ક મોકલી આપવાની સૂચના આપી દેવામાં આવી છે. દરેક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ લિન્ક મોકલી આપવામાં આવી છે.

આ સાથે જ શાળાઓને કોમિક બક સાથે વધારાની કેટલીક વિગતો ઉમેરીને તેની સમજણ વિદ્યાર્થીઓને આપવાની છૂટ આપવામાં આવી છે. તેમ કરવાથી ભારતની વેરાની સિસ્ટમ અંગે જાણકારી મેળવવાની વિદ્યાર્થીઓની જિજ્ઞાસામાં વધારો થશે.

## દિલ્હીમાં વાયુ પ્રદુષણની સ્થિતિ ફરી ગંભીર બનીઃ AQI 300 ને પાર જતાં શ્વાસ લેવામાં મુશ્કેલી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી અને તેની આસપાસના NCR વિસ્તારોમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ફરી ગંભીર બની છે, સમગ્ર શહેર પર ધુમાડાનું ગાઢ આવરણ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) મુજબ, સોમવારે સવારે દિલ્હીનો સરેરાશ AQI 372 ('ગંભીર' શ્રેણી) નોંધાયો, જે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

શહેરના મોટાભાગના વિસ્તારોમાં AQI ૩૦૦થી ૪૦૦ વચ્ચે રહ્યો. NCR શહેરોમાં પણ સ્થિતિ ખરાબ છે, જેમાં ફરીદાબાદ (૩૧૨), ગાઝિયાબાદ (૩૧૮), ગ્રેટર નોઈડા (૩૨૫), ગુરુગ્રામ (૩૨૮) અને નોઈડા (૩૧૦) માં AQI 'અત્યંત ખરાબ' થી 'ગંભીર' શ્રેણીમાં નોંધાયો છે.

પર્યાવરણ નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી આ પ્રદૂષિત હવામાં રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા તથા હૃદય અને ફેફસાંની બીમારીઓ વધી શકે છે. ઘણા લોકોએ શ્વાસ ફૂલવો, ગળામાં ખંજવાળ આવવાની ફરિયાદો કરી છે. બીજી તરફ, દિલ્હી-એનસીઆરમાં ઠંડી પણ વધી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૧ (સામાન્ય કરતાં ૩ ડિગ્રી ઓછું) અને દિવસનું તાપમાન ૨૭-૨૮ આસપાસ જળવાયું છે. હવામાન વિભાગ અનુસાર, ૧૫-૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઠંડી હવાને કારણે સવાર-સાંજ વધુ ઠંડી અનુભવાશે.

## દરેક અમેરિકનને ૨ હજાર ડોલર ચુકવવામાં આવશેઃ ડોનાલ્ડ ટ્રમ્પ



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર તેમની ટેરિફ નીતિ પર એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પનું આ નિવેદન અમેરિકાના ગરીબ લોકોને અમીર બનાવી શકે છે. ટ્રમ્પે કહ્યું છે કે ટૂંક સમયમાં દરેક અમેરિકન નાગરિક (ધનવાનો સિવાય) ને ૨,૦૦૦ ડોલર ચૂકવવામાં આવશે. આ રકમ તેમના વહીવટ દ્વારા એકત્રિત કરાયેલા ટેરિફ આવકમાંથી આપવામાં આવશે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું, જે લોકો ટેરિફની વિરુદ્ધ છે તેઓ મૂર્ખ છે!' તેમણે દાવો કર્યો કે તેમના કાર્યકાળ દરમિયાન અમેરિકા વિશ્વનો સૌથી ધનિક અને સૌથી આદરણીય દેશ બન્યો, જયાં ફુગાવો ખૂબ જ ઓછો હતો અને શેરબજાર રેકોર્ડ ઊંચાઈને સ્પર્શ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ટ્રુથઆઉટ સોશિયલ પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે ટેરિફથી અબજો ડોલરની આવક થઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે આ આવકથી ધનિકો સિવાય દરેક અમેરિકન નાગરિકને ૨,૦૦૦ ડોલર (આશરે રૂ. ૧.૭ લાખ) નો ડિવિડન્ડ' મળશે.

પોસ્ટમાં, ટ્રમ્પે ટેરિફના ટીકાકારોને મૂર્ખ' કહ્યા. તેમણે કહ્યું, જે લોકો ટેરિફ વિરુદ્ધ બોલે છે તેઓ મૂર્ખ છે. અમારી સરકારે અમેરિકાને વિશ્વનો સૌથી ધનિક અને સૌથી આદરણીય દેશ બનાવ્યો છે, જયાં લગભગ કોઈ ફુગાવો અને રેકોર્ડબ્રેક શેરબજાર નથી.'

જોકે, ટ્રમ્પે આ લાભો કોને મળશે, પાત્રતા માપદંડ (જેમ કે આવક મર્યાદા), અથવા કોઈ સ્પષ્ટ સમયરેખા આપી ન હતી. આ પહેલી વાર નથી જયારે તેમણે આવું વચન આપ્યું હોય. ઓક્ટોબરમાં, તેમણે ૧,૦૦૦ ડોલર થી ૨,૦૦૦ ડોલર સુધીની છૂટનો સંકેત આપ્યો હતો.

ટેરિફથી થતા નફા ઉપરાંત, ટ્રમ્પે વેપાર બાબતોમાં રાષ્ટ્રપતિની સત્તાની મર્યાદા પર પ્રશ્ન ઉઠાવીને ગુસ્સો વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિ પાસે વિદેશી દેશ સાથેના તમામ વેપારને અવરોધિત કરવાનો, બીજા દેશને લાઈસન્સ આપવાનો અધિકાર છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા માટે તેમને ટેરિફ લાદવાની મંજૂરી નથી.

તેમણે કહ્યું, અન્ય દેશો આપણા પર ટેરિફ લાદી શકે છે, પરંતુ અમે તે લાદી શકતા નથી. વ્યવસાયો ફક્ત ટેરિફના કારણે અમેરિકા આવી રહ્યા છે. ટેરિફ વિના, અમારી પાસે કંઈ નથી. શું સુપ્રીમ કોર્ટ આ સમજી શકતી નથી?'

# જામનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં વિવિધ ૮ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરાશે.જિલ્લાના ૧.૦૨ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું.જામનગર, ગુજરાત સરકારની ખેડૂતલક્ષી નીતિના ભાગરૂપે આજરોજ તા. ૯ નવેમ્બરથી જામનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો છે.જે અન્વયે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે હાપા માર્કેટિંગ યાર્ડની મુલાકાત લઈ સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કલેક્ટર ઠક્કરે જણાવ્યું હતું કે, જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરાયો છે. સાથે જ, ખેડૂતોને સરળતા રહે તે માટે જામનગર જિલ્લાના છ તાલુકાઓના વિવિધ આઠ કેન્દ્રો ખાતે પણ સમાંતર રીતે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં ૧.૦૨ લાખથી વધુ ખેડૂતોએ આ લાભ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. સરકાર દ્વારા મગફળી માટે મણ દીઠ રૂ.૧૪૫૨ નો પોષણક્ષમ ભાવ ચૂકવવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા આ અંગેની તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સુંદર વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આગામી ૯૦ દિવસ સુધી તમામ કેન્દ્રો પરથી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવશે.સાથે જ જો જરૂર જણાશે તો ખરીદી કેન્દ્રોનો વધારો કરવામાં આવશે, જેથી ખેડૂતોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે અને તેઓ સરળતાથી પોતાનો પાક વેચી શકે.મુલાકાત દરમિયાન, કલેક્ટર કેતન ઠક્કરે યાર્ડમાં ઉપસ્થિત ખેડૂતો સાથે રૂબરૂ સંવાદ પણ કર્યો હતો. તેમણે ખરીદીની વ્યવસ્થા અંગે ખેડૂતોના પ્રતિભાવો જાણ્યા હતા. ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી શરૂ થવા બદલ અને સુવ્યવસ્થિત આયોજન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. કલેક્ટરએ ખેડૂતોને જણાવ્યું હતું કે, સરકાર ખેડૂતોના હિત માટે કટિબદ્ધ છે અને ખરીદી દરમિયાન કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવશે.

# SIR ઝુંબેશમાં બી.એલ.ઓ. દ્વારા થઈ રહેલ ડોર ટુ ડોર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે જામનગર જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

### જામનગર જિલ્લાના કુલ ૧૨,૪૧,૦૯૭ મતદારો પૈકી અત્યારસુધી ૮,૮૭,૦૯૯ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરવાની કામગીરી બીએલઓ દ્વારા પૂર્ણ કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ Special Intensive Revision (SIR)માં તા.૪/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળાને ગણતરીના સમયગાળા તરીકે ભારતના ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. બી.એલ.ઓ. દ્વારા ગણતરી ફોર્મ વિતરણ કરતી વખતે.ફોર્મ પરત મેળવતી વખતે જે મતદાર ઘેર હાજર નહી હોય તેવા મતદારના ઘેરની ત્રણ વખત મુલાકાત લેવા ભારતના ચૂંટણી આયોગ તરફથી સુચના થઇ આવેલ છે.ભારતના ચૂંટણી આયોગ દ્વારા ગણતરીનો સમયગાળો.તા.૪/૧૨/૨૦૨૫ સુધીનો આપવામાં આવેલ છે. જામનગર જિલ્લામાં આ કામગીરી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા માટે સબંધિત મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારી દ્વારા બી.એલ.ઓ.ને મદદ કરવા અન્ય વિભાગના કર્મચારીઓની એસ.આઇ.આર.ની કામગીરીમાં મદદ લેવામાં આવી રહી છે.

જામનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૧૨,૪૧,૦૯૭ મતદારો છે. જે પૈકીના ૮,૮૭,૦૯૯ જેટલા મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જયારે બાકી રહેલ મતદારોને પણ ગણતરી ફોર્મ વિતરણ કરવાની કામગીરી હાલ ચાલુ છે. ફોર્મ વિતરણની અને ભરાયેલા ફોર્મ પરત મેળવવાની કામગીરી ભારતના ચૂંટણી આયોગ દ્વારા નિર્ધારીત સમયગાળામાં બી.એલ.ઓ. દ્વારા પૂર્ણ કરી દેવામાં આવશે. એસ.આઇ.આર. બાબતે જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા માન્ય રાજકીય પક્ષો સાથે બેઠક યોજી તેમને પણ માહિતી પુરી પાડવામાં આવી છે અને તેમના સહયોગ માટે પણ અપીલ કરવામાં આવી છે.મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ Special Intensive Revision (SIR) દરમિયાન કોઇ યોગ્ય મતદારનું નામ મતદારયાદીમાં નોંધવાનું રહી ન જાય અને કોઇ ગેરલાયક વ્યકિતનું નામ મતદારયાદીમાં નોંધાય ન જાય તે માટે આ કામગીરીમાં પૂરતી ચોકકસાઇ રાખવામાં આવે છે. એસ.આઇ.આર.ની કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જામનગર જિલ્લા વહીવટી તંત્ર સજજ છે.

# જામનગરમાં પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ સાથેની સંકલન બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી જામનગર ખાતે જિલ્લાના વિકાસલક્ષી અને વહીવટી કામગીરીની સમીક્ષા માટે વિસ્તૃત સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠક દરમિયાન, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે પ્રભારી મંત્રી સમક્ષ જિલ્લાના વિવિધ આયોજનના કામો અને યોજનાકીય કામગીરીનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. કલેક્ટરએ કમોસમી વરસાદને કારણે ઊભી થયેલી પાક પરિસ્થિતિ અને જિલ્લાના વર્તમાન વાવેતર વિસ્તારની સ્થિતિ, રેશનકાર્ડ ધારકોના ઈ-કેવાયસીની પ્રગતિ, 'સુજલામ સુફલામ જળ અભિયાન' અને 'કેચ ધ રેઈન ૨.૦' અંતર્ગત થયેલી જળ સંરક્ષણની કામગીરી, મનરેગા યોજનાની અસરકારકતા અને જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે થયેલી પ્રગતિ, વહીવટી સુધારણા અંગેની કામગીરી,અનઅધિકૃત દબાણો દૂર કરવાની ઝુંબેશ, ઓપરેશન સિંદૂર અને ઓપરેશન અભ્યાસ દરમિયાન જિલ્લા વહીવટી તંત્રએ કરેલ સરાહનીય કામગીરી તેમજ મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંગે જાણકારી આપી હતી. મંત્રીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલ સઘન કામગીરીને બિરદાવી હતી અને બાકી રહેલા વિકાસલક્ષી કાર્યોને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ સંકલન બેઠકમાં, મેયર વિનોદભાઈ ખીમસુરિયા, દિવ્યેશભાઈ અકબરી મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ સહિત સંકલન સમિતિના સૌ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના પાતાપુર ગામ સીસીટીવી કેમેરાથી સજ્જ બન્યું



### પાતાપુર ગામના મહિલા સરપંચ અરુણાબેન છોડવડિયાએ માહિતી આપી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના પાતાપુર ગામ જ્યાં મહિલા સરપંચ હોવાના કારણે ગામે અનેરો વિકાસ થયો છે રોડ રસ્તાઓ પર બ્લોક પાણીની સુવિધા ગટરની સુવિધા જ્યારે ભણગણેલ સરપંચ હોવાના કારણે સરકાર પાસે ગામના વિકાસ માટે ગ્રાન્ટ લઈ આવે છે અને ગામ માટે હર હંમેશા કડે પગે રહે છે પાતાપુર ગામમાં હાલ સીસીટીવી કેમેરાથી સંપૂર્ણ સજ્જડ બન્યું છે.

ગ્રામ પંચાયત થી લઇ અને રોડ રસ્તાઓ અને ગામની શેરીઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે ગામમાં વિકાસમાં સરપંચના પતિ અશોકભાઈ ખંભેથી ખંભો મિલાવીને સહકાર આપતા હોય છે પતિ પત્ની ભણેલા ગણેલા હોવાને કારણે ગામના વિકાસ અનેરી ઉડાન ભરી છે.

# ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ માટે પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિરનું આયોજન

### યુવાઓને પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ જેવી આપદાઓના સમયમાં સ્વબચાવ સાથે અન્યોને પણ મદદ કરી શકાય તે અંગેની તાલીમ અપાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ખાતે તા.૧૫ નવેમ્બર સુધીમાં અરજી મોકલવાની રહેશે.જામનગર, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જામનગર સંચાલિત, ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ માટે પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનો મુખ્ય હેતુ યુવાનોની શારીરિક ક્ષમતા વધારવાનો, તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાનો અને સાહસિકતાના ગુણનો વિકાસ કરવાનો છે, જેથી તેઓ આકસ્મિક આવી પડેલી પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ જેવી કુદરતી.કૃત્રિમ આપદાઓના સમયમાં સ્વબચાવ સાથે અન્યોને પણ મદદ કરી શકે. આ શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓને રહેવા, જમવા અને પ્રવાસભાડું સરકાર દ્વારા આપવામાં આવશે. આ તાલીમ શિબિરમાં એન.સી.સી., એન.એસ.એસ., રમત ગમત, સાહસિક પ્રવૃત્તિઓ અથવા અન્ય એડવેન્ચર પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ શિબિરાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

ભાગ લેવા ઇચ્છુક યુવક-યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન-૪, રૂમ નં-૪૨, રાજપાર્ક પાસે, જામનગર ખાતેથી અરજી ફોર્મ મેળવી, અરજી ફોર્મ સાથે જરૂરી આધાર પુરાવા સ્વ-પ્રમાણિત કરીને તા.૧૫/૧૧/૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન મોકલી આપવાના રહેશે.

# ઘરે-ઘરે ફોર્મ ભરવાના બદલે બીએલઓ ફોર્મ આપીને જતા રહેતા વિપક્ષોએ વિરોધ નોંધાવ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા એસઆઈઆર કામગીરી પ્રારંભ થયો છે. જેમાં બીએલઓ ઘરે-ઘરે જઈને ફોર્મ ભરવાના બદલે આપીને જતા રહેતા હોવાની માર્ગદર્શન પણ ન આપતા હોવાથી લોકોને મુશ્કેલી પડી રહી હોવાની વિપક્ષોએ વિરોધ નોંધાવ્યો છે. જેથી બીએલઓને ગંભીરતાથી ફોર્મ ભરવા કડક સુચના આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.મતદારયાદી સુધારણાની કામગીરીમાં બીએલઓ ગમે તેને ફોર્મ આપીને ચાલ્યા જતા હોવાની તેમજ લોકોને માર્ગદર્શન પણ ન આપતા હોવાથી લોકો મુશ્કેલી પડી રહી છે.

જેથી શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, મહામંત્રી સાજીદભાઈ બ્લોચ, આનંદભાઈ ગોહિલ તથા વિપક્ષી કોર્પોરેટરો અને કાર્યકરોએ અધિક કલેક્ટર બી. એન. ખેરને આવેદન આપીને રજુઆત કરી હતી કે, ભારતના ચુંટણી પંચએ ગુજરાત સહિતના રાજ્યો માટે મતદારયાદી ખાસ સઘન સુધારણાની ઝુંબેશનું જે સમયપત્રક જાહેર કર્યું છે. તેમાં ચુંટણી પંચ દ્વારા સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી છે કે, બીએલઓ ઘરે-ઘરે જઈને ફોર્મ ભરશે. પરંતુ શહેરમાં બીએલઓ ઘરે ઘરે જઈને ફોર્મ ભરવાની જગ્યાએ ફોર્મ ઘરે-ઘરે ફોર્મ આપીને કોઈપણ જાતની માહિતી આપ્યા વગર ચાલ્યા જાય છે અને કહે છે કે, ફોર્મ ભરી રાખજો અમે લઈ જશું.આ ફોર્મ ભરવું ભણેલા લોકો માટે પણ અઘરું છે તો શહેરના ગરીબ અને સ્લમ વિસ્તારોના લોકોના ફોર્મ પુરા ભરાય નહીં તેવી સ્થિતિમાં તેઓના નામ યાદીમાંથી ડીલીટ થવાની દહેશત છે. તેથી તાત્કાલિક ધોરણે તમામ બીએલઓને ગંભીરતાની ફોર્મ ભરવાની કડક સુચના આપવામાં આવે. તેવી કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે.

# માળીયા(મી)ના નવાગામ ગામે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી તાલુકાના નવાગામ ગામે નદીના કાંઠે રેઈડ કરતા જ્યાં આરોપી અફઝલભાઈ મુબારકભાઈ પઠાણ ઉવ.૧૯ રહે. હાલ મોરબી રણછોડનગર મૂળ રહે. વવાણીયા તા.માળીયા(મી) વાળો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતો રંગેહાથ પોલીસની ઝપટે ચડ્યો હતો. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી પતરાનુ બેરલ નંગ-૦૧ તેમાં રહેલ ગરમ આથો લીટર-૧૦૦ કિં.રૂ.૨૫૦૦/- તથા બેરલ નંગ-૦૧ માં રહેલ દેશીદારૂ બનાવવાનો ઠંડો આથો લીટર-૧૦૦ કિં.રૂ.૨૫૦૦/- તથા દેશીદારૂ લીટર-૧૦૦ કિં.રૂ.૨૦,૦૦૦/- તથા ભઠ્ઠી લગત સાધનો જેમાં ટીનનુ બકડીયુ નંગ-૦૧ કિં.રૂ.૧૦૦ તથા નળી સાથેની થાળી નંગ-૦૧ કિં.રૂ.૫૦/- મળી કૂલ કિં.રૂ.૨૫,૧૫૦/- નો મુદામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબી જીલ્લા ચૂંટણી અધિકારીએ મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અન્વયે ત્રણેય વિધાનસભા વિસ્તારની મુલાકાત લીધી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે ગણતરી ફોર્મ વિતરણની કામગીરીની સમીક્ષા માટે જીલ્લાની ત્રણેય વિધાનસભા વિસ્તારની મુલાકાત લીધી હતી.

જીલ્લા ચૂંટણી અધિકારીએ તમામ મતદાર નોંધણી અધિકારી અને તમામ મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ સાથે ૬૫ - મોરબી વિધાનસભા મત વિસ્તારના ૧.મોરબી શહેરી, ૨.માળિયા તથા ૩.મોરબી ગ્રામ્ય, ૬૬- ટંકારા વિધાનસભા મત વિસ્તારના ૧.ટંકારા ગ્રામ્ય, ૨.ટંકારા શહેરી, ૩.પડધરી ગ્રામ્ય તેમજ ૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તારના ૧.રાજકોટ ગ્રામ્ય, ૨.રાજકોટ શહેર, ૩. વાંકાનેર ગ્રામ્ય અને ૪. વાંકાનેર શહેરના વિસ્તારમાંમાં સમાવિષ્ટ મતદાર ભાગની મુલાકાત લીધી હતી અને મતદારોને ફોર્મ ભરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. હતું. Booth Level Officer (BLO)ને મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરવા અને મતદારોને આ રાષ્ટ્રીય કામગીરીમાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# સણોસરા પાસે દારૂની ૧૧૨ બોટલ ભરેલી કાર પકડાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના સણોસરાગામના પાટીયા પાસેથી વિદેશી દારુની ભરેલી કાર સાથે એક શખસને પોલીસે ઝડપી લઈને દારુની ૧૧૨ બોટલો મળીને કુલ રુ.૪.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જેમાં રીસીવર અને સપ્લાયરના નામ ખુલ્યા છે. રાજકોટ તરફથી વિદેશી દારુનો જથ્થો ભરેલી કાર આવતી હોવાની બાતમીના આધારે ધ્રોલ પીઆઈ એચ.વી. રાઠોડની સુચનાથી ટીમે સણોસરાગામના પાટીયાથી ખાખરાગામ તરફ જતા રોડ ઉપર વોચ ગોઠવી હતી.બાતમી મુજબની કારને આંતરીને તલાસી લેતાં તેમાંથી રુ.૧,૪૫,૬૦૦ની કિંમતની વિદેશી દારુની ૧૧૨ બોટલો મળી આવતા પોલીસે કબજે કરીને ચાલક રવીરાજસિંહ દાદુભા ચૌહાણને ઝડપી લીધો હતો. તેના કબજામાંથી એક મોબાઈલ ફોન અને રુ.૩ લાખની કિંમતની કાર મળીને કુલ રુ.૪,૫૦,૬૦૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો. તેની પુછપરછ કરતા આ દારુનો જથ્થો સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના ભાભલુભાઈ કાઠીએ મોકલાવેલ હોય અને ધ્રોલના ખાખરા ગામનો મફતસિંહ ઉર્ફે જયપાલસિંહ બળુભા જાડેજાએ મંગાવ્યો હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે બન્નેને ફરાર જાહેર કરીને શોધખોળ આરંભી છે. પોલીસે પકડાયેલા શખ્સની ઘનિષ્ઠ પૂછપરછ સાથે તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# મોરબી જીલ્લાના શિક્ષકોએ શિક્ષણ સિવાયની કામગીરી અંગે રાજ્ય કારોબારી સમક્ષ રજુઆત કરી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના શિક્ષક પ્રતિનિધિમંડળે બીએલઓ કામગીરીમાં અન્યાય, જૂની પેન્શન યોજના, રજા કેરી ફોરવર્ડ, શિક્ષણ સિવાયની વધતી ફરજો, ટેટ-ટાટ રદ જેવી ૧૨ મુખ્ય માંગણીઓ રાજ્ય કારોબારી સમક્ષ રજૂ કરી છે. શિક્ષણ ક્ષેત્રને ''પરિણામલક્ષી'' બનાવવા તાત્કાલિક પગલાં લેવાની માંગ ઉઠાવવામાં આવી છે.

મોરબી જીલ્લાના શિક્ષકોના વિવિધ મુદ્દાઓને રાજ્ય સ્તરે ઉકેલવા માટે શિક્ષક પ્રતિનિધિમંડળ રાજ્ય કારોબારીની બેઠકમાં મળ્યું હતું. શિક્ષકોના હિતોને લગતા કુલ ૧૨ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી અને જરૂરી નિરાકરણ માટે લેખિત રજુઆત આપવામાં આવી હતી. જે પ્રમુખ મુદ્દાઓમાં જૂની પેન્શન યોજના (OPS) વર્ષ ૨૦૦૫ પછી નિમણુંક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજના અમલમાં લાવવાની મુખ્ય માંગ ઉઠાવવામાં આવી, બીએલઓ કામગીરીમાં શિક્ષકો પર વધતી જવાબદારી હાલ ૯૦% જેટલી બીએલઓની ફરજો શિક્ષકો પર છે. જ્યારે નિયમ મુજબ તમામ કેડરના કર્મચારીઓને સમાન રીતે ફરજ સોંપવી જોઈએ, મેડિકલ કારણો, બાયપાસ ઓપરેશન જેવા ગંભીર આધાર હોવા છતાં શિક્ષકોને બીએલઓની ફરજમાંથી મુક્ત કરવામાં આવતા નથી, મામલતદાર કચેરીમાં તમામ પુરાવા હોવા છતાં સિવિલ સર્જન દ્વારા અયોગ્ય રીતે રિપોર્ટ અટકાડાતા હોવાની ફરિયાદ, ૧૦ વર્ષથી બીએલઓ તરીકે કામ કરતાં શિક્ષકોની મુકિત અરજી સ્વીકારાતી નથી, અને વિપરીત રીતે થોડા ''લાગવગદાર'' લોકોના હુકમ તાત્કાલિક રદ થાય છે, અત્યાર સુધીમાં વોરંટ પણ માત્ર શિક્ષકો વિરુદ્ધ જ જારી થયાની ગંભીર ફરિયાદ, વર્ષ ૨૦૧૬ પૂર્વે ભરતી થયેલ વિદ્યાસહાયકની રજા કેરી ફોરવર્ડ કરવાની માંગ, જીલ્લાસ્તર અધિકારીઓ પોતાનો પીઆર વધારવા જાતજાતના કાર્યક્રમો આપે છે-જેના કારણે શિક્ષકોનું શિક્ષણ કાર્ય પ્રભાવિત થાય છે. આવા કાર્યક્રમો ઉપરથી જ બહાર પાડવાની વ્યવસ્થા કરવી, શૈક્ષણિક સત્ર શરૂ થતાં જ ૧૦ જેટલા બિનશૈક્ષણિક પરિપત્ર બંધ કરાવવા માંગ, ટેટ-ટાટ પરીક્ષા રદ કરવાની માંગ, ૧૫૦+ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં આચાર્યની ગણતરી મહેકમમાં ગણવાનું નહીં, આચાર્ય એલાઉન્સમાં વધારો આપવાની માંગ, એસએમસી અને પીએમશ્રી શાળાના અનુદાનમાં પીએફએમએસને બદલે આઈએફએમએસ પ્રક્રિયાની માંગ, ખેલ મહાકુંભના પારિતોષિકમાં વિલંબ થતા વિદ્યાર્થીઓમાં નિરાશા, સીપીએફ નંબર અને પ્રાણ-કીટ મેળવવામાં ૩ વર્ષનો વિલંબ દૂર કરવાની રજૂઆત અને અંતમાં બીએલઓએ જાહેર રજાના દિવસે કરેલી કામગીરી બદલ ''રજા'' મળવી જોઈએ- માત્ર વળતર રકમ નહીં.

આ સમગ્ર મુદ્દાઓ રાજ્ય કારોબારી સમક્ષ રજૂ કરવા મોરબી જીલ્લા શિક્ષક પ્રતિનિધિગણ હાજર રહ્યું હતું.જેમાં હિતેશભાઈ ગોપાણી (પ્રાંત સંગઠનમંત્રી), સંદીપભાઈ આદ્રોજા (વરિષ્ઠ ઉપાધ્યક્ષ), કિરણભાઈ કાચરોલા (મંત્રી), કરશનભાઈ ડોડીયા (જિલ્લા સંગઠનમંત્રી), પ્રવિણભાઈ ધોળુ (કાર્યકારી અધ્યક્ષ), હિતેશભાઈ પાંચોટિયા (સહ સંગઠનમંત્રી), નિરવભાઈ બાવરવા (પ્રચાર મંત્રી), રમેશભાઈ ચાવડા (સહ કોષાધ્યક્ષ) વગેરે સામેલ હતા.

# મોરબી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિનું સ્નેહમિલન સફળતાપૂર્વક સંપન્ન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના ટ્રસ્ટી મંડળ દ્વારા નવા વર્ષની શુભકામનાઓ અને જ્ઞાતિ સભ્યોના સ્નેહમિલનનો કાર્યક્રમ વાંકાનેર દરવાજા નજીક આવેલી ભોજનશાળા ખાતે યોજાયો હતો. આશરે ૭૦૦થી વધુ સભ્યો અને પરિવારોની હાજરી વચ્ચે સમૂહ ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સમારોહ ભવ્ય રીતે પૂર્ણ થયો હતો.

મોરબી શહેરમાં શ્રી ઔદિચ્ય સહસ્ત્ર સત્તર તાલુકા બ્રાહ્મણ જ્ઞાતિના નોંધાયેલા સભ્યોનું વિક્રમ સંવત ૨૦૮૨નું સ્નેહમિલન તથા નવા વર્ષની વધામણીનો વિશાળ કાર્યક્રમ આજે ઉત્સાહભેર યોજાયો હતો. શ્રી મોરબી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના ટ્રસ્ટી મંડળના આયોજન અનુસાર તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ વાંકાનેર દરવાજા પાસે, સબજેલ પાછળ આવેલી ભોજન શાળા ખાતે આ ભવ્ય સમારોહ યોજાયો હતો. આ અવસરે જ્ઞાતિના પ્રમુખ મયુર શુક્લાએ જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા વર્ષની શુભેચ્છાઓ સાથે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, શુભેચ્છા વિનિમય અને જ્ઞાતિના સભ્યો વચ્ચે પરસ્પર મૈત્રીનો ભાવ વધારવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સભ્યો તથા તેમના પરિવારજનો મળીને આશરે ૭૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સમૂહ ભોજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

# મોરબીના પંચાસર રોડ ઉપરથી વિદેશી દારૂના ચપલા સાથે બાળ કિશોર પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પંચાસર રોડ પર પેટ્રોલિંગ દરમ્યાન પોલીસે સગીર પાસેથી વિદેશી દારૂની ૧૮૦મીલી.ની બોટલ ઝડપી લીધી હતી. જે બાદ જરૂરી કાર્યવાહી કરી કાયદાના સંઘર્ષમાં આવેલ સગીરને તેના વાલી-વારસને સોંપી અપાયો છે.

મોરબી શહેરના પંચાસર રોડ વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. જેના સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પેન્ટના નેફના છુપાવી વિદેશી દારૂની હેરાફેરી કરતો કબીર ટેકરી વિસ્તારનો રહેવાસી માત્ર ૧૬ વર્ષ ૯ માસના સગીરને પંચાસર રોડની ગીતા મિલ પાસે શંકાસ્પદ હાલતમાં અટકાવ્યો હતો. તપાસ કર્યા બાદ સગીર પાસેથી ઓલ સેસન્સ ગોલ્ડન કલેક્શન વ્હિસ્કીની ૧૮૦ મીલી.ની બોટલ કિં.રૂ. ૧૪૦/- મળી આવી હતી. નાબાલિક દ્વારા દારૂનો જથ્થો રાખવો ગંભીર ગુના સમાન હોવાને કારણે પોલીસે સગીરના વાલી-વારસને બોલાવી સમગ્ર ઘટના અંગે માહિતગાર કરી જરૂરી કાયદાકીય પ્રક્રિયા બાદ સગીરને તેના પિતાને સોંપી આપેલ છે.

# રાજકોટમાં રાજ્યકક્ષાની અંડર-૧૪ ફૂટબોલ સ્પર્ધા યોજાઈ: વડોદરા ચેમ્પિયન, રાજકોટ રનર-અપ બન્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત જિલ્લા રમતગમત અધિકારી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની અંડર - ૧૪ ભાઈઓની ''ફૂટબોલ સ્પર્ધા-૨૦૨૫'' નું આયોજન તા. ૦૪-૧૧-૨૦૨૫ થી ૦૮-૧૧-૨૦૨૫ સુધી રેસકોર્ષ ફૂટબોલ મેદાન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

ભાઈઓની અંડર - ૧૪ ''ફૂટબોલ સ્પર્ધા-૨૦૨૫''માં સ્ફૂર્તિથી છલકાતા ફૂટબોલર્સ અને યુવાનોના ઉત્સાહને પ્રદર્શિત કરતાં આકર્ષક માહોલમાં ફાઈનલનો શુભારંભ થયો હતો. રાજ્યમાં યુવા પ્રતિભાઓને મંચ આપવા અને રમતગમતને પ્રોત્સાહન આપવા માટે યોજાતી આ હરીફાઈ રમતની ભાવના વિસ્તૃત બનાવે છે.

આ સ્પર્ધામાં રાજકોટ સહિત રાજ્યભરની વિવિધ શાળાઓના ટેલેન્ટેડ ફૂટબોલરોએ પોતાની કુશળતા, ઝડપ અને ખેલદિલીની ભાવનાનો પરિચય આપ્યો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓમાં ટીમસ્પીરિટ, શારીરિક તંદુરસ્તી, સંકલ્પશક્તિ અને લીડરશિપ કૌશલ્યનો વિકાસ થાય છે, તેમ જિલ્લા રમતમ અધિકારીશ્રી વી.પી. જાડેજાએ જણાવ્યું હતું.

રાજ્યમાંથી આવેલી તમામ ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું, પ્રથમ ક્રમે - વડોદરા શહેર ટીમ રહી હતી. ઉત્કૃષ્ટ સ્ટ્રેટેજી, શિસ્તબદ્ધ રમત અને અંત સુધી ઝઝૂમવાની ક્ષમતા વડોદરા ટીમને પ્રથમ ક્રમે પહોંચાડનાર મુખ્ય પરિબળ બન્યાં હતા. બીજો ક્રમ રાજકોટ શહેર ટીમનો હતો. હોમ ગ્રાઉન્ડ પર રમતી રાજકોટ ટીમે ઉત્તમ સમન્વય અને ઉત્સાહ દર્શાવ્યો હતો. ખેલાડીઓની ઝડપ અને પાસિંગ સ્કિલથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્રીજો ક્રમ આણંદ ટીમનો હતો. આણંદના યુવા ખેલાડીઓએ ધીરજ, નિયંત્રણ અને ટીમવર્કનો ઉત્તમ પરિચય આપીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

રાજકોટની ધરતી પર રમનારી આ ખેલ પ્રતિભાઓ ભવિષ્યમાં રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરશે.

# પ્રથમ વખત રાજ્યની ૧૭૦૦૦ થી વધુ ખાનગી શાળાઓમાંથી પસંદગી પામેલ ૨૦૦ જેટલા શ્રેષ્ઠ આચાર્યોને એવોર્ડથી સન્માનિત કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસો. દિલ્હી, સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ, ગુજરાત અને રાજકોટ સ્થિત ગાર્ડી વિદ્યાપીઠના સંયુકત ઉપક્રમે શિક્ષણના માધ્યમથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવનાર ગુજરાતભરની સત્તર હજારથી વધુ શાળાઓમાંથી પસંદગી પામેલ ૨૦૦ જેટલા આચાર્યોને સન્માનિત કરવાનો ભવ્ય સમારોહ આગામી ૨૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાતમાં પ્રથમ વખત રાજકોટના કાલાવડ રોડ સ્થિત ગાર્ડી વિદ્યાપીઠ ખાતે આયોજીત થવા જઈ રહ્યો છે. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, ભૂતપૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સાંસદશ્રી પુરષોત્તમભાઈ રુપાલાને આમંત્રિત કરવામાં આવશે.

આ ભવ્ય કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા ગુજરાત મહામંડળના અધ્યક્ષ ભરતભાઇ ગાજીપરા અને પ્રમુખ જતિનભાઇ ભરાડ જણાવે છે કે શ્રેષ્ઠ આચાર્યોને એવોર્ડથી સન્માનિત કરવાનો મુખ્ય ઉદ્દેશ તેઓના ઉત્કૃષ્ટ કાર્ય અને શિક્ષણ ક્ષેત્રે તેમ ના અપાર યોગદાન ની સરાહના કરવાનો છે. આ એવોર્ડ શિક્ષણ ક્ષેત્રે પ્રેરણા અને ઉત્સાહ લાવવાનું કાર્ય કરશે. આચાર્યોનું કાર્ય માત્ર શિક્ષણ આપવાનું જ નથી, પરંતુ શાળાનું સુચારુ સંચાલન કરી શિક્ષકો-વિદ્યાર્થીઓ અને વાલીઓના દ્રષ્ટીકોણને સમજી સચોટ નિર્ણયો લઈને શિક્ષણ જગતના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ જવાબદારીઓનું નિર્વાહન કરવાનું છે. ટૂંકમાં આચાર્ય શાળા અને સમાજ વચ્ચેનો સેતુ છે.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે ગુજરાત મહામંડળના અધ્યક્ષ ભરતભાઇ ગાજીપરા, પ્રમુખ જતિનભાઇ ભરાડ, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અજયભાઇ પટેલ, રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ તેમજ આ એવોર્ડ કાર્યક્રમના ચેરમેન ડી. વી. મહેતા અને પ્રમુખ અવધેશભાઈ કાનગડના માર્ગદર્શનમાં તમામ ઝોનના પ્રમુખો, મંડળના હોદ્દેદારો, કોર કમિટી અને કારોબારી કમિટી ના તમામ સભ્યો તેમજ ગુજરાતના તમામ જીલ્લાઓના મંડળના હોદ્દેદારો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# મોરબીમાં પ્રેસ મીડિયા એસોસિએશનએ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પમાં સાતસોથી વધુ લોકોએ કરાવ્યું નિદાન






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પ્રેસ મીડિયા એસોસિયેશન દ્વારા જલારામ મંદિર ખાતે યોજેલ ફ્રી મેડિકલ કેમ્પને શહેરજનોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. સવારથી બપોર સુધી ચાલેલા આ કેમ્પમાં સાતસોથી વધુ દર્દીઓએ નિદાન અને મફત દવાઓનો લાભ લીધો હતો. શહેરના ડોક્ટરો, ટ્રસ્ટીઓ અને વિવિધ એસોસિયેશનના આગેવાનોની ઉપસ્થિતિ સાથે કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

મોરબી શહેરમાં પ્રેસ મીડિયા એસોસિયેશન-મોરબી દ્વારા નવા વર્ષની નવી પહેલ રૂપે આયોજિત ફ્રી મેડિકલ કેમ્પમાં શહેરજનો ઉમટી પડ્યા હતા. રવિવારે તા. ૯/૧૧ના રોજ અયોધ્યાપુરી મેઈન રોડ પર આવેલા જલારામ મંદિરે ભવ્યતાથી યોજાયેલા આ કેમ્પમાં સાતસોથી વધુ લોકોએ પોતાના વિવિધ રોગોની તપાસ કરાવી અને મફત દવાઓનો લાભ લીધો હતો. સવારથી જ એસોસિયેશનના સભ્યોએ સ્થળ પર પહોંચી આયોજનને ગતિ આપી હતી.

કેમ્પનો પ્રારંભ સવારે ૯ વાગ્યે વોલ ટાઈલ્સ એસોસિયેશનના પ્રમુખ હરેશભાઈ બોપલિયા, ફ્લોર ટાઈલ્સ એસોસિયેશનના પ્રમુખ સંદીપભાઈ કુંડારીયા, સેનેટરીવેર એસોસિયેશનના પ્રમુખ અજયભાઈ મારવાણીયા, સિરામિક એસોસિયેશનના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ કુંડારીયા તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ જયંતીભાઈ પટેલ સહિતના આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. શરૂઆતથી જ રજીસ્ટ્રેશન ડેસ્ક પર લોકોથી ભરેલો માહોલ જોતાં કેમ્પની સફળતા સ્પષ્ટ દેખાતી હતી. દર્દીઓની તબિયતને આધારે તેમને અલગ-અલગ વિશેષજ્ઞ ડોક્ટરોની પેનલ પાસે મોકલવામાં આવ્યા હતા જ્યાં તમામ ડોક્ટરોએ સમાજસેવાના ભાવથી પોતાના જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરીને નિદાન કર્યું હતું. આ કેમ્પમાં શહેર અને આસપાસના ગામોના સામાજિક કાર્યકરો, મોરબીના ડીવાયએસપી ઝાલા, જલારામ મંદિરના ટ્રસ્ટીઓ તથા અન્ય આગેવાનો પણ હાજર રહી આયોજકોને શુભેચ્છા પાઠવી હતી.

મોરબી જીલ્લાના ૧૮થી ૨૦ પત્રકારો મળીને બનાવેલી પ્રેસ મીડિયા એસોસિએશનની આ પહેલી સેવા પ્રવૃત્તિ હોવા છતાં શહેરમાંથી મળેલી શુભેચ્છાની વર્ષાએ સભ્યોમાં નવી ઊર્જા ઉમેરાઈ છે. એસોસિયેશનની ખાસ બાબત એ છે કે અહીં કોઈ હોદેદારો નથી, બધા સભ્યો પ્રમુખ સમાન હક્ક સાથે સેવા પ્રવૃત્તિમાં જોડાયેલા છે. કેમ્પ બાદ સભ્યો દ્વારા ભાવિ દિવસોમાં વધુ સેવાકીય આયોજન કરવાના સંકેતો આપવામાં આવ્યા હતા.

કેમ્પમાં નિઃશુલ્ક સેવા આપનાર પ્રતિષ્ઠિત ડોક્ટરોમાં ડૉ. મેહુલ પનારા (વિઝન આંખની હોસ્પિટલ), ડૉ. ધીરેન પટેલ (હરિકૃષ્ણ ડેન્ટલ કેર), ડૉ. ભૌમિક સરડવા (એથિક્સ હોસ્પિટલ), ડૉ. પાયલ ફળદુ (દેવકી હોસ્પિટલ), ડૉ. યશ કડીવાર (વેલકેર ઓર્થો હોસ્પિટલ), ડૉ. જિજ્ઞાસા પનારા (વિઝન સ્કીન ક્લિનિક), ડૉ. ઋષિ વાંસદડિયા (સ્ટાર સર્જિકલ ઈમેજિંગ સેન્ટર), ડૉ. ઉમેશ ગોધવિયા (પલ્સ હોસ્પિટલ & ICU) તથા પટેલ લેબોરેટરીનો સમાવેશ થાય છે, જેમણે એક પણ રૂપિયો લીધા વગર સેવા આપી હતી. સવારના ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી ચાલેલા આ સેવા કેમ્પમાં દર્દીઓની ભારે સંખ્યાએ આયોજનને સફળ બનાવ્યું અને સમગ્ર શહેરમાં કેમ્પની પ્રશંસા થઈ રહી છે.

### જાહેર જીવનના અગ્રણી, શિક્ષણશાસ્ત્રી, ગુજરાતના પૂર્વ શ્રમ મંત્રી

# મનસુખભાઇ જોષીને હૃદય રોગનો હુમલો ઘાતક નીવડતા ૯૩ વર્ષની વયે નિધન

### સાંજે અંતિમ યાત્રાઃ મનસુખભાઇ જોષીના પાર્થિવદેહને બાલભવન તથા શાસ્ત્રી વિદ્યાલય લઇ જવાયો



રાજકોટ, તા.૧૦

જાહેર જીવનના અગ્રણી, ગુજરાતના પૂર્વ શ્રમ મંત્રી, ફૂલછાબના ભૂ.પૂ. મેનેજર, મહાત્મા ગાંધી ટ્રસ્ટ રાજકોટ, બાલભવન, સરદાર પટેલ સ્મારક, કબા ગાંધીનો ડેલો ટ્રસ્ટ-રાજકોટના મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઇ જોષીનું આજે સવારે ૭.૪૦ કલાકે મધુરમ હોસ્પિટલમાં હૃદયરોગનો તીવ્ર હુમલો આવતા અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનથી જનસમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પ્રો.યજ્ઞેશ જોષીએ જણાવ્યું કે, ગઇકાલે સાંજે મનસુખભાઇની તબીયત લથડતા મધુરમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા હતા. આજે સવારે ૭.૪૦ કલાકે સીવીયર એટેક આવતા તેમણે વિદાય લીધી હતી. તેમની ઉંમર ૯૨ વર્ષની હતી.

મનસુખભાઇ જોષીની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન વંદના બંગલા નં.૫૦, નૂતનનગર, કાલાવડ રોડ, કોટેચા ચોક ખાતેથી લગભગ સાંજે પાંચ વાગ્યા પછી નીકળશે અને મુકિતધામ રામનાથપરા જશે. મનસુખભાઇ જોષીના પાર્થિવ દેહને બાલભવન તથા લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલયે લઇ જવાશે ત્યાં પુષ્પાંજલી અપાશે.

સ્વ. મનસુખભાઇ જોષીના પરિવારમાં ભાઇઓમાં સ્વ. નાનુભાઇ, દિલીપભાઇ જોષી, ગજેન્દ્રભાઇ (અમેરિકા), પુત્રોમાં પ્રો. યજ્ઞેશ જોષી, મેહુલ તથા પુત્રીઓમાં સ્વ. રક્ષાબેન નિલેશભાઇ જાની, ભાવનાબેન જીતેનભાઇ પંડ્યા, શૈલાબેન વિરેશભાઇ જાની, તૃપ્તિબેન મૃગેન્દ્ર ભટ્ટ, વંદનાબેન ઉત્પલભાઇ નાયક વગેરેને વિલાપ કરતા છોડી ગયા છે.

# મોરબીના ગૂંગણ ગામે વોકળામાંથી વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો પકડાયો, આરોપીની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી તાલુકાના ગુંગણ ગામની સીમમાં આવેલ વોકળામાંથી ઈંગ્લીશ દારૂની ૩૧૨ બોટલ તથા બિયરના ૧૨૦ નંગ ટીન જેની કુલ કિ.રૂ. ૩.૪૯ લાખનો ગેરકાયદેસારનો જથ્થો તાલુકા પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા, પોલીસે તેને ફરાર જાહેર કરી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકના પીઆઇની સુચના તેમજ માર્ગદર્શન અનુસાર સર્વેલન્સ ટીમ પ્રોહીબિશન/જુગાર અંગે પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, મોરબી તાલુકાના ગુંગણ ગામની સીમમાં ગુંગણ ગામની વીડીમાં મેલડીમાંના મંદિરની પાસે દેરાળા જવાના રસ્તે બાવળની કોટમાં આવેલ વોકરામાં અરમાનભાઇ ઇકબાલભાઇ જુણેજા નામનો ઇસમ ખાખી કલરના પુઠ્ઠાના બોકસની હેરાફેરી કરી કાંઇક શંકાસ્પદ પ્રવૃત્તિ કરે છે જે હકીકત આધારે ઉપરોક્ત જગ્યાએ તાલુકા પોલીસ ટીમે રેઇડ કરી હતી. ત્યારે ઉપરોક્ત સ્થળેથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની શીલપેક કુલ બોટલો નંગ-૩૧૨ કિ.રૂ.૩,૨૭,૬૦૦/- તથા બિયર ટીન-૧૨૦ કિ.રૂ.૨૧,૬૦૦/- એમ કૂલ કિ.રૂ.૩,૪૯,૨૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી અરમાનભાઇ ઇકબાલભાઇ જુણેજા રહે.ઉમા ટાઉનશીપની સામે વેજીટેબલ રોડ મફતીયાપરા મોરબી-૦૨ વાળો હાજર ન મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી અને હળવદ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદવાનો પ્રારંભ કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં મગફળીનું અંદાજિત વાવેતર ૭૨ હજાર હેક્ટર વિસ્તાર, મગફળીનો ટેકાનો ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ.૧૪૫૦ રહેશે; હેક્ટરદીઠ વધુમાં વધુ ૧૨૫ મણ જથ્થાની ખરીદી કરાશે.

મોરબી સરકાર દ્વારા મગફળીના પાકને ટેકાના ભાવે ખરીદવામાં આવનાર છે. જેના ભાગરૂપે મોરબીમાં મોરબી અને હળવદ માર્કેટિંગ યાર્ડ ખાતે રૂ.૧૪૫૦ પ્રતિ કિલોગ્રામના ભાવે ખરીદવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને હેક્ટરદીઠ વધુમાં વધુ ૧૨૫ મણ જથ્થાની ખરીદી કરાશે.

ખેડૂતોને પોતાની મગફળી કેન્દ્રો પર લાવવા એક દિવસ અગાઉ એસએમએસ દ્વારા જાણ કરવામાં આવશે. દરેક ખેડૂતોને વિનંતી કે પોતાનો જથ્થો સાફ કરીને લાવે જેથી વેચાણ કેન્દ્ર ખાતે ગુણવત્તા માટેની વ્યવસ્થા જળવાઈ રહે. ઉપરાંત મગફળી સુકવીને લાવવી જેથી મગફળી સરકારના ધારા ધોરણ મુજબ આવે. જીલ્લામાં મગફળીનું અંદાજિત વાવેતર ૭૨ હજાર હેક્ટર વિસ્તારમાં કરવામાં આવ્યું છે. જેમાંથી અંદાજિત ૨૬ હજાર ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવેલ છે. ટેકાના ભાવે મગફળી વેચવા ઉભા કરવામાં આવેલા જીલ્લાના વેચાણ કેન્દ્રો ખાતે સીસીટીવી, પીઓએસ મશીન, વજન કાંટો, ગ્રેડર મોઈશ્ચર મશીન સહિતની સુવિધાઓ અને ખેડૂતો માટે પીવાના પાણીની બેસવાની પાર્કિંગની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે તેમ મોરબી જીલ્લા ખેતીવાડી કચેરીની યાદીમાં જણાવ્યું છે.

# ઉપલેટા આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા નિવૃત આંગણવાડી કાર્યકર તેડાગર માટે ગ્રેચ્યુઇટી રકમ ચૂકવવામા આવી

### નગરપાલિકાના પ્રમુખ હસ્તે ચેક આપવામા આવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટા તાલુકાના ૬૨ નિવૃત આંગણવાડી કાર્યકર - તેડાગર માટે ગ્રેચ્યુઇટી ચેક વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં ઉપલેટા વાસીઓના દરેક પ્રશ્ન શાંતિથી સાંભળનાર તેમજ તેનું નિરાકરણ લાવનાર નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપસ્થિત રહી બહેનોને ચેક વિતરણ કર્યા હતા સાથે સાથે બહેનોની કામગીરી ની સરાહના કરી કોઈ પણ મૂંઝવણ જણાય ત્યારે તેમનો સંપર્ક કરવા આગ્રહ કર્યો હતો. આ પહેલા ઉપલેટા ઘટકના ૧૪૪ જેટલા બહેનોને ગ્રેચ્યુઇટી મળી ચૂકી છે. નિવૃત આંગણવાડી બહેનો દ્વારા ચેક મળતા સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપલેટા બાળ વિકાસ યોજના અધિકારીઃ તમામ નિવૃત આંગણવાડીના કાર્યકર, તેડાગર બહેનો ગ્રેચ્યુઇટી ની રકમ ચૂકવવી દીધેલ છે.

# મોરબીમાં ખેતી વિષયક જમીન ખાલી કરી નાખવા વૃદ્ધને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકામાં રહેલ વડીલો પાર્જીત ખેતી વિષયક જમીન ખાલી કરવા હાલ મોરબી ખાતે રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધને એક અજાણ્યા ઈસમ દ્વારા પ્રથમ ફોન ઉપર બાદમાં રૂબરૂ મળી જેમફાવે તેમ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, અને ત્યારબાદ પણ અવાર નવાર ધમકીઓ ચાલુ રાખતા, આખરે કંટાળી વૃદ્ધ દ્વારા મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ, મોરબી-૨ પ્રભુકૃપા ટાઉનશીપમાં અમૃત એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૫૦૧ માં રહેતા મૂળ હળવદના દેવીપુર ગામના વતની ઈશ્વરભાઈ દુદાભાઈ કુંડારીયા ઉવ.૭૨ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ભોલુભાઈ જારીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૭/૧૧ ના રોજ ઈશ્વરભાઈ પોતાના ઘરે હતા ત્યારે ઉપરોક્ત આરોપીએ તેમના ફોનમાં કોલ કરેલ અને તેમની હળવદના તેમના વતનમાં આવેલ વડીલો પાર્જીત ખેતી વિષયક ૧૦ વિઘા જમીન ખાલી કરી દેજો તે જમીન મેં વેચાતી લઈ લીધેલ છે, તેમ કહી આરોપીએ તેની સાથે જેમફાવે તેમ બોલાચાલી કરી હતી, બાદમાં રૂબરૂ મળવા પ્રભુકૃપા ટાઉનશીપ નીચે બોલાવ્યા જ્યાં આરોપીએ આવી ફરથી ઈશ્વરભાઈને અપશબ્દો બોલી જો જમીન ખાલી નહિ કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાથી ચાલ્યો ગયેલ, અને ત્યારબાદ પણ આરોપી દ્વારા ઈશ્વરભાઈને ફોન ઉઓર ધમકીઓ ચાલુ રાખતા આખરે કંટાળી ઈશ્વરભાઈએ આ ભોલું જારીયા વિરુદ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની અટકાયત સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી બાથરુમમાં પડી જતા ૪૬ વર્ષીય વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા ગામે દેવશ્રી એપર્ટમેન્ટમાં રહેતા ૪૬ વર્ષીય કમલભાઈ ઉર્ફે મોન્ટુ મહેશભાઈ સંપટ બાથરૂમમાં ચક્કર આવી પડ્યા બાદ તેમની તબિયત બગડી ગઈ હતી. તેમને સરકારી હોસ્પિટલ મોરબીમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટરે તપાસ બાદ તેમને મૃત જાહેર કરતા મોરબી સીટી એ ડીવીજન પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબી તાલુકાના શનાળા ગામમાં બાથરૂમમાં પડી જવાથી એક વ્યક્તિના મોતનો બનાવ સામે આવ્યો છે. મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અકસ્માત મોતની નોંધ મુજબ, શનાળા ગામના દેવશ્રી પેલેસ, લીમડાવાળા મેલડી માતાજી મંદિર પાછળ રહેતા કમલભાઈ(મોન્ટુ) મહેશભાઈ સંપટ ઉવ.૪૬ પોતાના ઘરે ગઈ તા.૦૮/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરશામા બાથરૂમમા ચકકર આવતા પડી જતા તેઓને રાતના બે વાગ્યાના અરશામા તબિયત વધુ ખરાબ થતા બેભાન અવસ્થામા સારવાર માટે સરકારી હોસ્પિટલ મોરબીમા સારવાર અર્થે લઈ આવતા ફરજ ઉપર હાજર ડોકટરે જોઇ તપાસી મરણ ગયેલ જાહેર કર્યા હતા, ત્યારે શહેર પોલીસ દ્વારા મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ જારી આગળની તપાસ ચલાવી છે.

# ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત'' અભિયાન અંતર્ગત મેદસ્વિતા યોગ કેમ્પ શિબિર યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''મેદસ્વિતા મુક્ત ભારત''ના સંકલ્પને સાર્થક કરવા ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને બીજા તબકકામાં સમગ્ર ગુજરાતમાં તા.૧૦ નવેમ્બરથી તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી સવારના ૦૬.૩૦ કલાકથી ૮ કલાક દરમિયાન મેદસ્વિતા ઘટાડવા માટે સમગ્ર ગુજરાતમાં ૧૦૦ સ્થળોએ ૧૦૦ લોકો સાથે ૩૦ દિવસીય રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા યોગ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ શિબિર યોજવાનો મુખ્ય હેતુ લોકો યોગ, પ્રાણાયામ, આસનો તથા જરૂરી પૌષ્ટિક આહારથી મેદસ્વિતા નિવારી શકે તે માટેની માહિતી પૂરી પાડવામાં આવશે. જે અંતર્ગત તા.૧૦/૧૧/૨૦૨૫ના રોજ રાજકોટમાં જુદા જુદા પાંચ સ્થળોએ શિબિરનું આયોજન થશે. ૧) મોટા મવા પેરગોન ગાર્ડન, સ્પીડ વેલ ચોક, શ્રીનાથ ધામ હવેલીની બાજુમાં સાંજે ૪થી ૫:૩૦ કલાકે, ૨) ઈન્ડોર સ્ટેડિયમ મવડી વિસ્તાર, રામધન પાછળ સવારે ૬થી ૭:૩૦ કલાકે, ૩) આર.એમ.સી. ગાર્ડન તપન હાઈટ્સની સામે વાવડી વિસ્તાર વોર્ડ નં.૧૨ ખાતે સાંજે ૪થી ૫:૩૦ કલાકે, ૪) રણછોડદાસ કોમ્યુનિટી હોલ, આનંદ નગર શાખા ભારત વિકાસ પરિષદ ખાતે ૪:૩૦થી ૬ કલાકે, ૫) નરેન્દ્ર કુંવરબા શાળા નં.૦૩, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની ઓફીસ કરણપરા પોલીસ ચોકીની પાસે સવારે ૬:૩૦થી ૮ કલાકે યોજાશે. આ કેમ્પમાં વધુમાં વધુ લોકો ભાગ લે તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલએ અનુરોધ કર્યો છે.

# મોરબીમાં કુળદેવી પાન નજીક બિયરના બે ડબલા સાથે એક યુવક પકડાયો

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં કુળદેવી પાન નજીક હાઉસિંગ વિસ્તારના જાહેરમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલ ઇસમને રોકી બી ડિવિઝન પોલીસ દ્વારા તેની તલાસી લેતા તેની પાસેથી કિંગફિશર સ્ટ્રોંગ બિયરના બે ટીન કિ.રૂ.૨,૨૦૦/-મળી આવ્યા હતા, જેથી તુરંત આરોપી અર્જુનભાઈ ઉર્ફે નવઘણ પ્રવીણભાઈ પરમાર ઉવ.૨૦ રહે. વિદ્યુતનગર મફતીયાપરા મોરબી-૨ વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માળીયા(મી) મોપેડમાં દેશીદારૂની હેરાફેરી કરતો એક પકડાયો

માળીયા(મી) તાલુકાના નવાગામ ગામની બજારમાં ટીવીએસ કંપનીનું માઈસ્ટ્રો મોપેડ રજી.નં.જીજે-૦૫-કેએ-૪૯૯૯ ઉપર બેરલમાં ૧૮ લીટર દેશી દારૂ લઈને નીકળેલ આરોપી જાવેદભાઇ કરીમભાઇ જામ ઉવ.૨૨ રહે.નવાગામ તા.માળીયા(મી) વાળાને માળીયા(મી) પોલીસ ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે મોપેડ તથા દેશી દારૂ સહિત કુલ રૂ.૧૩,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં સીઝનનો કુલ ૧૧૮.૨૩ ટકા વરસાદ નોંધાયો

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની શરુઆત પહેલા જ વાવઝોડાની અસરના કારણે અમરેલી જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડી ગયો હતો. અને તાજેતરમાં જ વિધિવત રીતે ચોમાસાની વિદાય થઈ ગઈ હોવા છ્તા પણ વાવાઝોડાની અસરના કારણે દિવાળી પછી સતત વરસાદ પડ્યો હતો. ચાલુ વર્ષે સરેરાશ ૧૧૮ ટકા કેટલો વરસાદ પડી ગયો છે. અમરેલી જિલ્લામાં દિવાળી પછી કેટલાંક દિવસોથી વાવાઝોડાની અસરના કારણે સતત વરસાદ ચાલુ પડ્યો હતો. ઘણાં જ દિવસોં સુધી સૂર્યનારાયણના દર્શન પણ ઘણાં વિસ્તારોમાં દુર્લભ થઈ ગયા હતા. આજે પણ અમરેલી જિલ્લામાં પડેલા અત્યાર સુધીના વરસાદના આંકડાઓ પર નજર નાંખીએ તો ૧૧૮ ટકા વરસાદ પડી ગયો છે. ટકાવારી મુજબ સૌથી વધારે વરસાદ રાજુલા તાલુકામાં ૧૨૮૯ મી.મી. વરસાદ પડી ગયો છે.

# કાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકઃ કુલ 52 દરખાસ્તો રજૂ કરાઇ

### કરોડોના વિકાસ કામોને મળશે મંજૂરીઃ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે બે સેકશન મશીન ખરીદવા લેવાશે નિર્ણયઃ ઈસ્ટ ઝોનના વિસ્તારોમાં રસ્તા અને યુટીલીટી રોડ રીસ્ટોરેશન તેમજ ટીપી રોડમાં મેટલીંગ કરવા બાબતે મંજૂરી અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની દિવાળી બાદની પહેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી રહી છે. નોંધનીય છે કે, હવે ગણતરીના મહિનાઓ બાદ જ મનપાની ચૂંટણી હોય. શાસકો દ્વારા પેન્ડિંગ કામો પૂર્ણ કરવા ઝડપથી કવાયત હાથ ધરાઇ છે. ખાસકરીને ચોમાસામાં રસ્તાઓ પર પડેલા ખાડા અને બિસ્માર હાલથી પ્રજાજનોને થયેલી મુશ્કેલી પર મલમ લગાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

કાલે મળનારી સ્ટેન્ડિંગમાં કુલ ૫૨ દરખાસ્તો રજૂ થઇ છે. જેમાં મુખ્યત્વે ઈસ્ટ ઝોન હેઠળ આવતા વિસ્તારોમાં રસ્તા અને યુટીલીટી રોડ રીસ્ટોરેશન તેમજ ટીપી રોડ પર મેટલીંગ કરવા બાબતે નિર્ણય લેવાશે. આ સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે બે સેકશન મશીન ખરીદવાની દરખાસ્ત પર પણ મોહર લગાવાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગોંડલમાં કારમાં ચોર ખાનુ બનાવી મોંઘીદાટ દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયાઃ રૂ.૩.૧૧ લાખની ૮૪ બોટલ કબ્જે

## ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી કાર સહિત રૂ.૭.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં ગ્રામ્ય એલસીબીની ટીમે ઉમવાડા ચોકડી પાસે જેતપુર નેશનલ હાઈવે પર કારમાં ચોરખાનુ બનાવી દારૂની હેરાફેરી કરતા જુનાગઢ પંથકના બે બુટલેગરોને દબોચી લઇ કાર સહિત રૂ.૭.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, એએસઆઇ બાલકૃષ્ણભાઇ સહિતનો સ્ટાફ ગોંડલ જેતપુર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, જુનાગઢ પંથકના બે બુટલેગરો ફોરવ્હીલ કારમાં ચોરખાનુ બનાવી દારૂ સંતાડી નિકળવાના હોવાની હકિકતના આધારે પોલીસે ઉમવાડા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન મારૂતી સીયાઝ કાર નંબર જીજે૧૮બીજી૫૯૮૪ માં બે શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરી કાર અટકાવી તલાસી લેતા કારમાં પાછળના ભાગે ચોરખાનુ મળી આવ્યું હતું. જેમાંથી મોંઘીદાટ સ્કોચ વિસ્કી વિદેશી દારૂની ૮૪ બોટલ કિંમત રૂ.૩.૧૧ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કારનો ચાલક રમેશ પરબત ઓડેદરા (રહે.જૂનાગઢ, ગાંધીગ્રામ, લીરબાઇપરા), રાજેશ કાનજી ડાભી (રહે.જુના ડુંગરપુર, તા.જી. જૂનાગઢ) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી કાર સહિત કુલ રૂ.૭.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો મંગાવનાર જૂનાગઢના જોશીપુરાનો ભરત બસોતાની નામના બુટલેગરની શોધખોળ આદરી છે.

# હાથીખાના મેઈન રોડ પર નવયુગ સ્કૂલની સામે વિદેશી દારૂના ૪૦ ચપલા સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો બાદ શહેરમાં ગુન્હાખોરીનો ગ્રાફ વધ્યો હોય જેને ઘટાડવા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા રોજ રાત્રી પેટ્રોલિંગમાં નિકળવાનું શરૂ કરાયા બાદ મ્યુસન્સ પોઇન્ટ પર પડયા પાથર્યા રહેતા લુખ્ખા અને આવારા તત્વો સામે પોલીસ દ્વારા ધોષ બોલાવવામાં આવી છે. ત્યારે એ ડિવિઝન પોલીસે હાથીખાના મેઇન રોડ પર નવયુગ સ્કૂલની સામે વિદેશી દારૂના ૪૦ ચપલા સાથે બુટલેગરની ધરપકડ કરી રૂ.૪૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી હેડ કોન્સ. ધારાભાઇ વાનરીયા, કોન્સ. ધર્મેશભાઇ ખાંડેખા સહિતનો સ્ટાફ રામનથપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હાથીખાના મેઇન રોડ પર વર્ધમાન નગરમાં આવેલ નવયુગ સ્કૂલની સામેના રોડ પર વિશાલ ઉર્ફે બચ્ચન સુરેશ ગોહેલ (રહે. રામનથપરા, ભવાનીનગર, શેરી નં.૩) નામનો બુટલેગર થેલો લઇ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂના ૧૮૦ એમએલના ૪૦ ચપલા કિંમત રૂ.૪૦૦૦નો જથ્થો મળી આવતા પોલીસે બુટલેગર વિશાલ ઉર્ફે બચ્ચન ગોહેલની ધરપકડ કરી દારૂનો જથ્થો કયાંથી લાવ્યો તે અંગે તપાસ શરૂ કરી છે.

# નવી કોર્ટ બિલ્ડીંગ સામે વાઇટ પેલેસ હોટેલમાં દારૂની મહેફીલ માણતા ત્રણ ઝડપાયા

## ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે દરોડો પાડતા વિદેશી દારૂનું એક ચપલુ અને બે ખાલી ચપલા તથા દાળીયા-શીંગના પેકેટ અને ખાલી ગ્લાસ કબ્જે કરી ગુન્હો નોંધ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને શહેરની ભાગોળે આવેલા વિસ્તારોમાં ધમધમી રહેલી હોટલોમાં ગેરકાયદે પ્રવૃતિ પુરજોશમાં ચાલતી હોવાની ફરીયાદો ઉઠયા બાદ ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમ દ્વારા જામનગર રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ સામે આવેલ વાઇટ પેલેસ હોટેલમાં દારૂની મહેફીલ માણતા મેનેજર સહિત ત્રણ શખ્સોને પોલીસે દબોચી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના જામનગર રોડ પર ગત રાત્રીના ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયસિંહ ઝાલા, હેડ કોન્સ. રાહુલભાઇ ગોહેલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે નવી કોર્ટ બિલ્ડીંગ સામે મનહરપરા-૧માં વાઇટ પેલેસ હોટેલમાં ચેકિંગ હાથ ધર્યુ હતું. તે દરમ્યાન રૂમ નં.૧૦૨માં હોટલનો મેનેજર ભરત ઉર્ફે મહેશ હેમત ખાવડુ (રહે.નવાપરા, નટવર રોડ, ગામ બગવદર, જી. પોરબંદર, હાલ હોટલ વાઇટ પેલેસ), મસતફા મોયુનીદીન અનસારી (રહે.જામનગર રોડ, નવી કોર્ટ બિલ્ડીંગ સામે, મનહરપરા-૧) તથા આનંદ હરેશ હેરભા (રહે.ચામુંડાનગર, પાળીયાદ, જી. બોટાદ) સહિત ત્રણ શખ્સો રૂમમાં દારૂની મહેફીલ માણતા પકડાયા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનું ભરેલુ એક ચપલુ તથા બે ખાલી ચપલા, શીંગ-દાળીયાના પેકેટ અને કાચના ગ્લાસ તથા પાણીની બોટલો સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાલાવડ રોડ પર ગમખ્વાર અકસ્માતઃ વિદ્યાર્થીનું કરૂણ મોત

## બેફામ સ્પીડમાં BMW કારે સ્કૂટરને હડફેટે લીધું, મારવાડી કોલેજના વિદ્યાર્થીનું મોત નિપજતા પરિવારમાં કરૂણ કલ્પાંતઃ ૨૦ વર્ષીય મૃતક એન્જીનીયરિંગનો અભ્યાસ કરતો, પિતાને સ્ટીલ ફર્નિચરનું કારખાનું છે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગત મોડી રાત્રે કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ પાસે બેફામ સ્પીડમાં આવેલી બીએમડબ્લ્યુ કારે સ્કૂટરને હડફેટે લીધું હતું.

જેમાં મારવાડી કોલેજના ૨૦ વર્ષીય વિદ્યાર્થી અભિષેક દેવેન્દ્રભાઈ નાથાણી (રહે.અર્જુન પાર્ક સોસાયટી સાંઈ કૃપા મકાન, નંદાહોલ પાછળ કોઠારિયા રોડ, રાજકોટ)નું મોત નીપજ્યું હતું.

૨૦ વર્ષીય મૃતક મારવાડી યુનિવર્સીટીમાં એન્જીનીયરિંગનો અભ્યાસ કરતો હતો. તે ૨ ભાઈમાં નાનો હતો. તેના પિતાને સ્ટીલ ફર્નિચરનું કારખાનું છે. ગઈકાલે તે મિત્રો સાથે મળીને પોતાના ઘર તરફ જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.કાર એટલી સ્પીડમાં હતી કે, એકસેસ સ્કૂટરના ટુકડા થઈ ગયા હતા.

ઘવાયેલા અભિષેકે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. આશાસ્પદ યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો. રાજકોટ તાલુકા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં મૃતકના મોટાભાઈ કેવલ દેવેન્દ્રભાઈ નાથાણી (ઉંમર વર્ષ ૨૬, રહે.અર્જુન પાર્ક સોસાયટી સાંઈ કૃપા મકાન, નંદાહોલ પાછળ કોઠારિયા રોડ, રાજકોટ)એ જણાવ્યું કે, હું કોઠારિયા રોડ પર બાલાજી નામનું સ્ટીલ ફર્નિચરનું કારખાનું ચલાવું છું.

મારા પરિવારમાં મારા માતા - પિતા તથા મારો નાનો ભાઈ અભિષેક (ઉંમર વર્ષ ૨૦) છે. અભિષેક જે મારવાડી કોલેજમાં અભ્યાસ કરતો હતો. ગઈકાલે મોડી રાત્રે આશરે અઢી વાગ્યેની આસપાસ મારા નાના ભાઈ અભિષેકના મિત્ર હિરેન રાઠોડનો મને ફોન આવેલ કે, તારા ભાઈ અભિષેકનું ક્રિસ્ટલ મોલ ખાતે કાલાવાડ રોડ પર અકસ્માત થયેલ છે.

જેથી મેં મારા કૌટુંબિક ભાઈ ધ્રુવ પરેશભાઈ નાથાણીને ફોન કરીને જગ્યા પર આવવા જણાવેલ. અમે બંનેએ ત્યાં જઈ જોતા મારા ભાઈ અભિષેકને રોડ ઉપર સુવડાવેલ હતો અને ૧૦૮ ની ટીમ પણ હાજર હતી. રોડ ની સાઇડમાં મારો ભાઈ જે એક્સેસ સ્કૂટર લઈને ગયેલ તે સ્કૂટર જીજે ૦૩ પીઈ ૯૮૧૨ અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતું.

ત્યાં રોડ પર વચ્ચોવચ એક બીએમડબ્લ્યુ કાર પડેલ હતી જેના નંબર જીજે ૦૩ એનબી ૭૩૦૧ હતા. આ કારમાં આગળનો ભાગ બોનેટ તથા બમ્પરનો ભાગ અકસ્માત થયેલ હતો. આ બીએમડબ્લ્યુ કારના ચાલકે પોતાની કાર પૂર ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી સ્પીડમાં મારા ભાઈના એક્સેસને ભટકાડી મારાં ભાઈના સ્કૂટરને ઠોકરે લેતા સ્થળ પર પહોંચેલા ૧૦૮ના ઈએમટી સૌરભભાઈએ મારાં ભાઈ અભિષેકને મૃત જાહેર કરેલ હતો. આ ફરિયાદ પરથી રાજકોટ તાલુકા પોલીસના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અજાગીયાએ બીએમડબ્લ્યુ કારના ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. કારના ચાલકની ધરપકડ કરવા તજવીજ થઈ હતી.

# મહિલા કારચાલકે એક્ટિવાને ઠોકરે લેતા ૧૫ વર્ષની તરૂણીનું મોત, માતાને ઈજા

## એક્ટિવા પર જઈ રહેલા માતા-પુત્રી રોડ પર પટકાયા બાદ ગંભીર રીતે ઘવાયેલી તરૂણીનું મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બેફામ દોડતી હોન્ડા સિટી કારે એક્ટિવા પર જતા માતા-પુત્રીને અડફેટે લઈને ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. જેમાં ૧૫ વર્ષીય તરૂણીનું મોત નિપજ્યું છે. ૭નવેમ્બરના બપોરે ૨ વાગ્યે શહેરના યુનિવર્સિટી રોડ ઉપર અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્કૂલેથી પોતાની ૧૫ વર્ષની દીકરીને એક્ટિવામાં લઈ જતી માતાને પૂરપાટ ઝડપે આવતી કારે અડફેટે લીધા હતા. જે અકસ્માતમાં માતાને બંને હાથે અને પાંસળીમાં તો પુત્રીને માથામાં ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવી હતી. જેમાં ધ્રુવી કોટેચાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જોકે, આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.શહેરના જગદીશ મંડપ સર્વિસના સંચાલક દેવાંગભાઈના પત્ની

દર્શનાબેન કોટેચા (ઉ.વ. ૪૫, રહે. પ્રહલાદ પ્લોટ, રાજકોટ)એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કાર નંબર GJ03JR1459 હોન્ડા સિટી કારચાલક મહિલા સામે ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૭ નવેમ્બરના બપોરે ૨ વાગ્યાની આસપાસ પોતાના સસરાની માલિકીનું એક્ટિવા (GJ03DJ7002) પોતાની ૧૫ વર્ષની દીકરી ધ્રુવીને સ્કૂલેથી તેડીને પોતાના ફોઈના ઘરે ભાઈબીજના જમણવાર માટે આમ્રપાલી મેઈન રોડ ઉપર જવા નીકળ્યા હતા. યુનિવર્સિટીરોડ પર એચ.પી પેટ્રોલ પંપની સામે સિગ્નલ પહેલાં શાંતી હોસ્પિટલ પાસે પહોંચ્યા હતા. જ્યાં સિગ્નલ હોવાથી વાહન ધીમું ચલાવીને જતા હતા. આ દરમિયાન પાછળથી આવતી GJ03JR1459 નંબરની હોન્ડા સિટી કારચાલક મહિલાએ પોતાની કાર પૂરપાટ ઝડપે દોડાવી હતી અને બેફીકરાઈથી કાર ચલાવી માતા-પુત્રીને અડફેટે લીધા હતા. જેને લીધે માતા દર્શનાબેનને બંને હાથ અને પાંસળી તેમજ શરીરે ઈજા પહોંચી હતી. જ્યારે દીકરી ધ્રુવીને માથામાં અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં ધ્રુવી કોટેચાનું ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જેથી પોલીસે કારચાલક મહિલાને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મેટોડા પાસે રેવન્યુ તલાટી મંત્રી પર જીવલેણ હુમલાનાં બનાવમાં પાંચ ઝડપાયા

## રાજકોટનાં એકેડમી સંચાલકે વ્યાજે લીધેલા પૈસાની ઉઘરાણી માટે તેના ભાઈને આંતરી હાથ-પગ ભાંગી નાખ્યા હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વ્યાજના વિષચક્રમાં વધુ એક પરિવાર ફસાયો છે. વિશાલ વીરડા નામના યુવાને વિજય મકવાણા નામના યુવાન પાસેથી એક કરોડ રૂપિયા વ્યાજે લીધા હતા, જેના ૧૦ કરોડ માંગી પઠાણી ઉઘરાણી કરવામાં આવતા અંતે તેના ત્રાસથી કંટાળી યુવાન ઘર મૂકી લાપતા થઈ ગયો છે. દરમિયાન વ્યાજખોર વિજય મકવાણા અને તેના માણસો દ્વારા યુવકને આપેલા રૂપિયાની ઉઘરાણી બાબતનો ખાર રાખી તેના ભાઈ કે જેઓ તલાટી મંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેને બેફામ માર મારવામાં આવ્યો હતો. તમેજ ભાઈને લુમ કરી નાખ્યો છે અને રૂપિયા આપવા પડશે તેમ કહી નાસી છૂટયા હતા. જે ઘટનામાં રાજકોટ ગ્રામ્યની મેટોડા પોલીસે મુખ્ય આરોપી વિજય મકવાણા, દિલીપ રાઠોડ સહિત ૫ શખસની ધરપકડ કરી લીધી છે. રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક કે. જી. ઝાલાએ જણાવ્યુ હતુ કે, ૬ નવેમ્બરના ફરિયાદી દિલીપભાઈ આઈ ટ્રેન્ટી કાર લઈ વીરડા વાજડીના ગેટ પાસે આવતા ૩ અજાણ્યા શખસે દિલીપભાઈની કારના કાચ ફોડી નાખ્યા હતાં. દિલીપભાઈને બહાર કાઢી મારતા મારતા કહ્યું હતું કે, તારા ભાઈ વિશાલે જે વિજયભાઈના પૈસા લઈ લીધા છે તે આપી દેજે. તેમ કહી તેઓને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી છે. જે ઘટના મામલે મેટોડા પોલીસ મથકમાં ઈગજ કલમ ૧૦૯ મુજબ દાખલ કરવામાં આવેલી છે. જેથી આ ગુનાના આરોપી રાજકોટના વિજય નારાયણ મકવાણા અને ૪ અજાણ્યા શખ્સો સામેલ હોવાથી ૫ શખસની અટકાયત કરવામાં આવી છે.

# કમોસમી વરસાદના કારણે પાક નિષ્ફળ જતાં અરડોઈનાં ખેડુતનો આપઘાત

## માવઠાથી પાક નિષ્ફળ જતાં ચિંતામાં હતા, ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કમોસમી વરસાદ (માવઠા)ના કારણે પાક નિષ્ફળ જવાથી ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. રાજ્ય સરકારે ૧૦ હજાર કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યું છે. આમ છતાં ખેડૂતોના માથે આર્થિક બોજ ઓછો થઈ રહ્યો નથી. ત્યારે પાક નુકસાન થવાથી આર્થિક નુકસાન અને તણાવના કારણે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ ગામમાં વધુ એક ખેડૂતે આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. માવઠાના મારથી પાક નિષ્ફળ જતા સૌરાષ્ટ્રમાં વધુ એક ખેડૂતે આપઘાત કરી લીધો છે. રાજકોટના કોટડાસાંગાણીના અરડોઈ ગામમાં ૫૦ વર્ષીય ખેડૂત દિલીપભાઈ વિરડીયાએ જીવન ટૂંકાવ્યું છે. કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં આર્થિક નુકસાન અને તણાવને કારણે તેમણે આ પગલું ભર્યું હોવાનું પુત્ર અને સરપંચ દાવો કરી રહ્યા છે. અરડોઈ ગામના સરપંચ નરશી ગજેરાએ જણાવ્યું કે, દિલીપભાઈ ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પાક નિષ્ફળ જવાથી તેમને ભારે આર્થિક નુકસાન થયું હતું, જે આત્મહત્યાનું કારણ બન્યું છે. ખેડૂતના આત્મહત્યાના સમાચારથી સમગ્ર અરડોઈ ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગતરાત્રિના સમયે દિલીપભાઈએ પોતાની વાડીએ જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, કમોસમી વરસાદના કારણે તેમનો મગફળી સહિતનો પાક મોટા પાયે નિષ્ફળ ગયો હતો. આર્થિક રીતે મોટું નુકસાન થતાં તેઓ સતત તણાવમાં રહેતા હતા, જેના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હતુ.

આત્મહત્યા કરનાર ખેડૂતના પુત્ર ઉત્સવે જણાવ્યું કે, કમોસમી વરસાદ અને વધુ વરસાદ આવ્યો એના લીધે બધું બગાડ થયો. માંડવીમાં પછી કપાસમાં અને ડુંગળી. બધુ ત્રણેય વસ્તુ ફેલ થઈ, કપાસ થોડો થોડો થયો બાકી માંડવી અને ડુંગળી બેઈના પાથરા પલળી ગયા હતા અને ડુંગળી સુકાઈ ગઈ હતી. એવી રીતના થયું છે એના લીધે મારા પિતા ટેન્શનમાં હતા. અમને આ વસ્તુ દવાખાને લઈ જતા જાણ થઈ બાકી અમને આ વસ્તુની જાણ ન હતી. હું સવારમાં સૂતો હતો ત્યારે મારા પપ્પા વાડીએ ગયા. ત્યારે મારા મમ્મીને કહીને ગયા હતા, અડધી કલાક પછી લેવા મોકલજે એટલે હું લેવા ગયો ત્યારે નીચે સૂતા હતા. એ પછી ત્યાંથી બેસાડીને ગામમાં આવીને માત્ર મિત્રને લઈને હોસ્પિટલ ગયો. અંદાજે ૧૦ લાખનું નુકસાન થયું હતું. ડુંગળી, કપાસ અને મગફળી ત્રણ વસ્તુનું વાવેતર હતું. છેલ્લે વરસાદ પડયો ત્યારના ૧૫-૨૦ દિવસથી ટેન્શનમાં રહેતા હતા.

ગામના સરપંચ નરશી ગજેરાએ કહ્યું કે બીજા આગળથી પૈસા લઈને જીરું વાવ્યું બાકી એમ નેમ જ રાખ્યું હતું વાવ્યું નહોતું. ૨૮ વીઘા વાવવા રાખ્યું હતું અને ૧૨ વીઘા ઘરની જમીન છે. બધાયમાં નિષ્ફળ અત્યારે એની પાસે પૈસા નહોતા.

ગયા વર્ષે દીકરીના મેરેજ હતા મેરેજનું દેણું હતું ને હવે આ દેલું થયું. એને બિયારણને બધું લઈને વાવેતર કર્યું હતું એના કારણે અત્યારે કોઈને કહીં ના શક્યા જેના કારણે આ પગલું ભરવું પડયું છે.

# આંબેડકરનગરમાં દંપતીએ એકબીજા સાથે બોલાચાલી કર્યા બાદ પાડોશી મહિલા પર હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ જડૂસ હોટલ નજીક આંબેડકર નગર શેરી નંબર ૫ માં રહેતા શોભનાબેન શશીકાંતભાઈ રાઠોડે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં આરોપી તરીકે પડોશી દિનેશ પ્રવીણભાઈ સોલંકી, તેની પત્ની કોમલબેન દિનેશભાઈ સોલંકી, જગદીશ પ્રવીણ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૯/૧૦/૨૫

ના બપોરે આશરે ૨૦૦ વાગ્યા આસપાસ આરોપી દિનેશ અને તેની પત્ની કોમલ બંને ઝઘડો કરતા હતા. દરમિયાન શોભનાબેન પોતાના ઘરે રસોડાની બારી બંધ કરવા જતા કોમલે ''તું શું કામ મને જોઈને કેમ બારી પછાડે છે'' તેમ કહીને ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન કોમલ અને દિનેશ ગાળો ભાંડીને શોભાનાબેનના ઘરે દોડી આવ્યા હતા અને તેઓને ફડાકા ઝીંકી દીધા હતાં

બંનેએ ધમકી આપી કે તેને ખોટા કેસમાં ફિટ કરવી દઈશું તું ચાલીને મંદિરે જા ત્યારે ગાડી ચડાવીને જાનથી મારી નાખવી છે. બનવા અંગે ૧૧૨ને જાણ કરતાં પોલીસ બંને પક્ષોને લઈને પોલીસ મથકે પહોંચતા અહીં સમાજના આગેવાનો દ્વારા સમાધાન થઈ ગયું હતું. જો કે ત્યારબાદ પણ આ ઝઘડો શરૂ રહ્યો હતો શોભનાબેનના પરિવાર દ્વારા આ અંગે પોલીસ કમિશનરને પણ રજૂઆત કરી હતી. જો કે સતત ધમકી મળતાં તેઓએ ઘરમાં સીસીટીવી ફુટેજ પણ લગાવ્યા હતા. હુમલાની દેહશતથી તેઓ ડરી જઈને બહારગામ જતા રહ્યા ત્યારે પાછળથી આરોપીઓએ મળીને કેમેરા તોડી નાખ્યા હતા. બનાવ અંગે તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.બી.ભૂંડીયાએ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં વધતી ગુનાખોરી પર અંકુશ લગાવવા પેંડા ગેંગના ૧૭ સાગરીતો સામે ગુજસીટોક

## આરોપીઓ સામે હત્યા,બળાત્કાર સહીત ૧૦ વર્ષમાં ૭૧ ગુનાઃ જેલમાંથી આરોપીઓનો કબજો લેવાશે, ફરારની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અંધાધુંધ ફાયરીંગ બનાવને પગલે એકશનમાં આવેલી પોલીસે ફાયરીંગના ગુનામાં આરોપીઓને મદદ કરનાર સહિત ૧૮ શખસોની ધરપકડ કરી કડક કાર્યવાહી કર્યા બાદ ક્રાઈમ બ્રાંચે પેંડા ગેંગના ૧૭સાગરીતો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી છે.

મંગળા રોડ પર અંધાધુંધ ફાયરીંગ કરનાર પેંડા ગેંગના સાગરીતો છેલ્લા કેટલાક સમયથી લોકોમાં ભય ફેલાવતા હોય. ગુનેગારોને અકુંશમાં લેવા પોલીસ કમીશનર બજેશકુમાર ઝાની સુચનાથી ક્રાઈમ બ્રાંચે સને.૨૦૧૫ થી ૨૦૨૫ દરમ્યાન રાજકોટ અને જીલ્લામાં પોતાની ધાક ઉભી કરવા ફાયરીંગ, હત્યા,હત્યાની કોશીષ,બળાત્કાર,મારામારી,માદક પદાર્થ સહીતના ૭૧ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકયા હોય તેવા ૧૭ આરોપીઓ સામે ગુજસીટોક હેઠળ કરવા કાર્યવાહી કરી હતી. દરમ્યાન એસીપી બસીયા સહીતની ટીમે અગાઉ એનડીપીએસના ગુનામાં પકડાયેલા દિનેશ ઉર્ફે મોટી ટીકીટ ઉર્ફે બચુ અરવિંદ ગોહેલ,જીગ્નેશ ઉર્ફે બાવકો ઉર્ફે નાની ટીકીટ અરવિંદ ગોહેલ, ચિરાગ ઉર્ફે બકાલી રાજેશ મકવાણા અને ચંદ્રેશ ઉર્ફે ચંદો બાબુ ગોહેલનો જેલમાંથી કબજો મેળવી તેની ગુજસીટોકના ગુનામાં અટકાયત કરી હતી.

જયારે મંગળા રોડ પર ફાયરીંગ કરી હત્યાની કોશીષના ગુનામાં પકડાયેલા ૧૦ આરોપી જેલહવાલે કરાયા બાદ તેનો કબજો મેળવાવા કાર્યવાહી કરી છે તેમજ આરોપી પૈકીના રાજો ઉર્ફે રાજપાલ હાલ રિમાન્ડ પર હોય કાર્યગહી બાદ તેની ગુજસીટોકમાં ધરપકડ કરવામાં આવશે. તેમજ પેંડા ગેંગના હજુ બે આરોપીઓ ફરાર હોય તેની શોધખોળ કરી છે.

# યુવતીને લગ્નની લાલચ આપી પરિણીત શખ્સે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી

## સાત માસ પૂર્વે પરીચય કેળવી શખ્સે પ્રેમજાળમાં ફસાવી શિકાર બનાવી ગીર સોમનાથના શખ્સ સામે ગુનો નોંધાયોઃ આરોપીની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં એક વિસ્તારમાં રહેતી યુવતી સાથે સાત માસ પુર્વે પરીચય કેળવી પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ઘેર તેમજ અલગ-અલગ સ્થળે લઈ જઈ મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી ત્રણ માસનો ગર્ભરાખી દિધા બાદ લગ્ન કરવાની ના પાડી ગીર સોમનાથના પરીણીત શખસે તરછોડી દિધાની ફરીયાદ થતા તાલુકા પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મુળ એક વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીને સાત માસ પુર્વે ગીરસોમનાથના રાજકોટમાં અને ભાડાના મકાનમાં રહેતા હિતેષ જાદવ વાઢેર સાથે પરીચય થયો હતો અને તે પરીણીત હોવા છ્તા અપણીત હોવાનુ કહી તેને પ્રમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી તેના મકાનમાં મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. ત્યાર બાદ અવાર નવાર હોટલ સહીતના અલગ અલગ સ્થળે લઈ જઈ લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચતો હોય યુવતીની તબીયત લથડતા તેને સારવાર કરાવતા યુવતીને ત્રણ માસનો ગર્ભહોવાનુ બહાર આવ્યુ હતુ.

દરમ્યાન યુવતીએ હિતેષને ગર્ભ રહી ગયાનુ અને લગ્ન કરવાનુ કરવાની વાત કરતા હિતેષએ તેના લગ્ન તો અગાઉ થઈ ગયાનુ અને યુવતીને લગ્ન કરવાની ના પાડી ઝઘડો કર્યો હતો જે બનાવને પગલે યુવતીએ તેના પરીવારને જાણ કરી ફરીયાદ કરતા તાલુકા પોલીસ મથકના પીએસઆઈ શેખ સહીતે આરોપી સામે ગુનો નોધી તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.